# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका
# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

धनी धाम के खेलत होरी, धन धन राधे रंग ।
धन धन गोप ग्वाल व्रजवासी, खेलत प्रभुके संग ॥



फरवरी २०१०

वर्ष ८२ श्री ५ नवतनपुरी धाम, जामनगर अंक २

www.krishnapranami.org



रांची ( झारखण्ड ) में आयोजित ११११ श्रीमद्भागवत कथा ज्ञान यज्ञ
एवं १११ श्री तारतम सागर पारायणके विविध दृश्य



बोरसद ( खेड़ा ) में आयोजित श्री तारतम सागरके
३१३ पारायण महोत्सवके विविधदृश्य

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨

વર્ષ ૮૨ ફેબ્રુઆરી ૨૦૧૦ અંક : ૨

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત

સંપાદક : શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય *તથા* શ્રી કનકરાય વ્યાસ

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**

**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**


# ફાગોત્સવ

સુંદરસાથજી, હિન્દુ સંસ્કૃતિનો એક મહત્ત્વપૂર્ણ તહેવાર છે ફાગોત્સવ. એની વિશેષતા આપણે બધા જાણીએ છીએ. ખરું જોતા ભક્તરાજ પ્રહ્‌લાદની સાથે જોડાયેલો આ પાવન પ્રસંગ ભક્તિ પ્રેરક ઉત્સવ છે. હોલિકા એક આસુરી શક્તિ હતી, પોતાની દૃઢ ભક્તિ દ્વારા પ્રહ્‌લાદે તેની ઉપર વિજય મેળવ્યો.'અસતો મા સદ્‌ગમય' ની જેમ અસત્યથી સત્યની તરફ અગ્રેસર થવાનો ઉત્સવ જ ફાગોત્સવ છે.

બરસાનાનો ફાગ ઉત્સવ સુપ્રસિદ્ધ છે. ત્યાં શ્રી કૃષ્ણજીની સાથે શ્રી રાધાજી તથા ગોપીઓ ભાવપૂર્વક ફાગ ખેલતી હતી. ખરું જોતાં શ્રી કૃષ્ણ પ્રેમ, શ્રી રાધા ભક્તિ તથા ગોપીઓ આત્મા સ્વરૂપા છે. આ ઉત્સવના માધ્યમથી ભક્તિના રંગમાં રંગાઈને પ્રેમસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરવા જ આત્માઓનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.

# બેહદ વાણી

## પૂજ્યપાદ જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

હદનો સામાન્ય અર્થ થાય છે સીમા. જે હદથી પાર હોય છે તેને બેહદ કહે છે. હદ અને બેહદને બીજા શબ્દોમાં ક્ષર અને અક્ષર પણ કહે છે. અહીં ક્ષરનો અર્થ થાય છે નાશવંત અર્થાત્ ધીમે-ધીમે ક્ષય થવાવાળો, ધીમે-ધીમે પરિવર્તન થવાવાળો. જે કાળની સીમામાં બંધાયેલો હશે તે ક્ષયશીલ અને ક્ષરણશીલ હશે. જે ક્ષરણશીલ હશે નહીં તે અક્ષર અર્થાત્ અપરિવર્તનશીલ, અવિનાશી અખંડ કહેવાશે. આ રીતે ક્ષર અથવા હદ પરિવર્તનશીલ અને અક્ષર અથવા બેહદ અપરિવર્તનશીલ શાશ્વત. આ દશ્યમાન જગત પરિવર્તનશીલ છે. આ સંપૂર્ણ બ્રહ્માંડ જ પરિવર્તનશીલ છે. બ્રહ્માંડની અન્તર્ગત ચૌદલોક, અષ્ટ આવરણ, જ્યોતિ સ્વરૂપ, ગાયત્રી, શૂન્ય, નિરાકાર, મહાશૂન્ય વગેરે આવી જાય છે. આ સંપૂર્ણ બ્રહ્માંડને હદ કે ક્ષર કહેવામાં આવ્યો જે નિરંતર પરિવર્તનશીલ છે અને મહાપ્રલયમાં પૂર્ણ રૂપે નાશ પામે છે. શૂન્યમંડળમાં આવા અનંત બ્રહ્માંડ છે જે અક્ષર બ્રહ્મના નેત્ર ભ્રમણ માત્રથી ઉત્પન્ન થાય છે. થોડી વાર ટકે છે અને પછી લય થઈ જાય છે. આ બધા બ્રહ્માંડોને ક્ષર અથવા હદ કહેવામાં આવે છે. આ હદ બ્રહ્માંડોની અન્તર્ગતનું જ્ઞાન હદનું જ્ઞાન છે અને એવા હદનું જ્ઞાન દર્શાવનાર વાણી હદની વાણી હોય છે. એનાથી જુદું પરિવર્તનશીલ બ્રહ્માંડથી આગળ અપરિવર્તનશીલ અથવા અવિનાશી ભૂમિકાનું જ્ઞાન સમજાવવાવાળી વાણી બેહદવાણી કહેવાય છે.

શાસ્ત્રોમાં બે પ્રકારની વિદ્યાનું પ્રતિપાદન થયું છે. એમાં એક વિદ્યા છે અપરા અને બીજી વિદ્યા છે પરા. ક્ષર જગતની વિદ્યા અપરા વિદ્યા છે અને ક્ષર જગતથી પરની વિદ્યા પરાવિદ્યા છે. વાસ્તવમાં ક્ષર જગતના જ્ઞાનને વિદ્યા નહીં પરંતુ અવિદ્યા કહેવામાં આવે છે. તો પણ ક્ષર જગતનું જ્ઞાન પણ વિશાળ હોવાથી તેને પણ વિદ્યાનું નામ આપી અપરાવિદ્યા અથવા અપરા જ્ઞાન કહ્યું છે. તેની આગળ અવિનાશી ભૂમિકાનું જ્ઞાન છે પરાવિદ્યા અથવા પરાજ્ઞાન. આ પરા વિદ્યાને મહામતિએ બેહદવાણી કહી છે. અવિનાશી

ભૂમિકા તથા અવિનાશી ભૂમિકામાં થવાવાળી લીલાઓનું પ્રતિપાદન અથવા અભિવ્યક્તિ કરવાવાળી વાણી બેહદવાણી કહેવામાં આવી છે.

ખરેખર શાસ્ત્રોએ નિર્દેશ આપ્યો છે. **સા વિદ્યા યદ્ અક્ષરમધિગમ્યતે.** વિદ્યા તે છે જેનાથી અવિનાશી ધામ, લીલા અથવા બ્રહ્મને સમજી શકાય છે. નશ્વર જગતમાં રહીને અવિનાશીનું જ્ઞાન થવું કઠણ હોય છે. માયાનો વિસ્તાર પણ મોટો છે એટલા માટે માયાને સમજાવવાળી વિદ્યા અપરા અને માયાથી આગળનું જ્ઞાન દેવાવાળી વિદ્યાને પરાવિદ્યા કહ્યું છે. અવિનાશી ભૂમિકા તો હજુ પણ અધિક વિસ્તૃત છે. તેનો પાર પામી શકાતો નથી. એનાથી પણ આગળ પૂર્ણબ્રહ્મ પરમાત્મા અને તેમના ધામનું જ્ઞાન કરાવવાવાળી વિદ્યાને બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે.

આ રીતે અપરાવિદ્યા, પરાવિદ્યા અને બ્રહ્મવિદ્યા આ ત્રણ પ્રકારે વિદ્યાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

મહામતિએ પરાવિદ્યાને બેહદવાણી કહી છે. આ જગતમાં બેહદના જ્ઞાનનું પ્રચલન ન હતું. બ્રહ્મજ્ઞાનની વાત તો દૂર રહી. થોડાક ગણ્યાગાઠ્યા લોકો બ્રહ્મજ્ઞાનના વિષયમાં રુચિ રાખતા હતા. એટલા માટે શાસ્ત્રોમાં સંકેતમાત્રમાં બ્રહ્મજ્ઞાન આપ્યું છે. પરાજ્ઞાનનું પણ અલ્પમાત્રામાં વિવરણ મળતું હતું. મહામતિએ આ પ્રકરણના દ્વારા પરાજ્ઞાન અથવા પરાવિદ્યાનું પ્રતિપાદન કર્યું છે અને અંતે બ્રહ્મવિદ્યાનો સંકેત કર્યો છે. તે આ રીતે છે,

**હદ પાર બેહદ હૈ, બેહદ પાર અક્ષર ।**
**અક્ષર પાર વતન હૈ, જાગિએ ઈન ઘર ॥**

**(પ્રકાશ હિ. ૩૧/૧૬૫)**

બ્રહ્મવિદ્યાથી આત્મામાં જાગૃતિ આવી જાય છે જેથી માયામાં રહેવા છતાં પણ માયાથી પર પરમાત્માના ધામ, લીલા, સ્વરૂપ વગેરેનું જ્ઞાન થઈ જાય છે. મહામતિએ તારતમ જ્ઞાનને બ્રહ્મજ્ઞાન અથવા બ્રહ્મવિદ્યા કહી છે. એના દ્વારા આત્મામાં જાગૃતિ આવી જાય છે અને બ્રહ્મધામ તથા પૂર્ણબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અપરા, પરા અને બ્રહ્મવિદ્યાની સાચી સમજ તારતમ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે.

બેહદ વાણીના પ્રકરણના આરંભમાં પ્રથમ ચોપાઈ દ્વારા મહામતિએ પરા જ્ઞાનના અધિકારીની ચર્ચા કરી છે. જેમકે,

**બેહદ કે સાથી સુનો, બોલી બેહદ વાણી ।**
**બડે બડે રે હો ગએ, પર કાહુ ન જાની ।।**

**(પ્રકાશ હિ. ૩૧/૧)**

નશ્વર જગતનો ખેલ જોવાના ઉદ્દેશ્યથી અવિનાશી ધામથી આવેલા આત્માઓ જ આ પરાજ્ઞાન અર્થાત્ બેહદવાણીને સમજી શકે છે. નહિ તો જગતના ખેલમાં રમવાવાળા જીવોએ ગમે તેટલી સાધના કેમ ન કરી હોય ? તેમને આ જ્ઞાન પ્રાપ્ત થયું ન હતું. આવા ઉચ્ચ કોટિના જીવો માટે પારના દ્વાર ખોલી દેવાનું કાર્ય બ્રહ્માત્માઓએ કર્યું છે. તે જીવ બ્રહ્માત્માઓના સંપર્કમાં રહીને પૂર્ણબ્રહ્મ પરમાત્માની ભક્તિ કરશે તો તેમને પણ અવિનાશી ધામમાં અખંડ મુક્તિ પ્રાપ્ત થશે. જો કે તેઓ પૂર્ણબ્રહ્મ પરમાત્માને બ્રહ્માત્માઓની જેમ ઉચિત રૂપમાં ઓળખશે નહીં તો પણ તેમની ભક્તિ કરવાથી અખંડ મુક્તિ મેળવી શકશે. બ્રહ્માત્માઓના આગમનથી તેમના માટે પણ અખંડ ભૂમિકાના દ્વાર ખુલ્યા છે. એટલા માટે કહ્યું છે,

**મુક્તિ દેસી બ્રહ્માંડ કો, આએ બ્રહ્મ આતમા સત ।**

બેહદ વાણીના અધિકારીનો ઉલ્લેખ કરી એનું મહત્ત્વ સમજાવતાં ભગવાન વિષ્ણુ તથા મહાદેવજીનું ઉદાહરણ આપ્યું. મહાદેવજીએ ભગવાન વિષ્ણુને બેહદભૂમિની વાત પૂછી ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું, સૃષ્ટિના પ્રારંભથી લઈ વિચાર કરીએ તો એવું જાણવા મળે છે કે એવા કરોડો બ્રહ્માંડ બનીને મટી ગયા પરંતુ આજ સુધી કોઈએ પણ પરા વિદ્યા બેહદવાણીનું ખરું નિરૂપણ કર્યું નથી.

**એ બાત તો શિવજી જાહેર, ઈત હૈં કે ભાંત ।**
**ઠૌર ઠૌર કહે વચન, એ જો ભેદ કલ્પાન્ત ।।**

**શુકજી ઔર સનકાદિક, કૈ ઔર ભી સાધ ।**
**તિન ખોજ ખોજ કે યોં કહ્યા, એ તો અગમ અગાધ ।।**

**(પ્રકાશ હિ. ૩૧/૭,૮)**

અન્ય બ્રહ્માંડોના વિષયમાં ઉત્પન્ન થયેલી મહાદેવજીની જિજ્ઞાસાને શાંત કરતાં ભગવાન વિષ્ણુએ કહ્યું, શાસ્ત્રોમાં અનેક બ્રહ્માંડોની ચર્ચા થઈ છે પરંતુ કલ્પભેદના કારણે શાસ્ત્રોની વર્ણન શૈલીમાં ઉલ્લેખ કરવામાં આવેલા સંકેતોનું ખરું સ્પષ્ટીકરણ ન થવાથી આ રહસ્ય રહસ્ય જ બની રહ્યું. શુકદેવજી, સનકાદિ જેવા અનેક મહાપુરુષોએ અવિનાશી ભૂમિકા કે ત્યાંની લીલાના વિષયમાં જાણવાનો તથા સમજવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમને પણ સફળતા ન મળી. અનેક સાધકોએ ખોજ કરી તો પણ આ રહસ્ય અગમ્ય રહ્યું. લક્ષ્મીજી પણ ભગવાન વિષ્ણુને પૂછે છે કે, આપ કોનું ધ્યાન કરો છો ? એ જાણવા માટે તેમને સાત કલ્પ સુધી કઠોર તપ કર્યું તો પણ તે એ ન જાણી શક્યાં. ભગવાન વિષ્ણુએ તેણીને શ્રી કૃષ્ણ અવતારને સમયે શ્રી કૃષ્ણ રુક્મિણી વિવાહના અવસર પર વ્રજલીલા સાંભળતાં મૂર્છિત થઈને અભિનયના દ્વારા સમજાવ્યું કે તેઓ કૃષ્ણલીલા(વ્રજલીલા)નું ધ્યાન કરે છે. નશ્વર જગતમાં સમ્પન્ન થયેલી વ્રજ તથા રાસલીલાને અક્ષર બ્રહ્મે પોતાના અંતઃકરણમાં અંકિત કરી અખંડ કરી દીધી. આ પ્રકારની લીલા અખંડ ગોલોક ધામમાં નિરંતર થતી રહે છે. ભગવાન વિષ્ણુ તે લીલાનું ધ્યાન ધરે છે. પરંતુ તેઓ લક્ષ્મીજીને આ રહસ્ય સમજાવી શક્યા નહીં. તેઓ ધ્યાનાવસ્થામાં અખંડ લીલાના રસનું આસ્વાદન કરતા હતા પરંતુ તેને વ્યક્ત કરી શક્તા નહીં.

આવી અખંડ લીલાના રસનું આસ્વાદન વ્રજની ગોપીઓએ સહજતાથી કર્યું, જેમકે,

**સો રસ વ્રજ કી સુન્દરી, પાયો સુગમ ।**
**સો સેહેજે ઘર આઈયાં, જો કહે વેદ અગમ ॥**

**(પ્રકાશ હિ. ૩૧/૧૧)**

વ્રજની ગોપીઓએ જે રસ પ્રાપ્ત કર્યો છે તે તો પરમધામનો છે. તેઓએ પૂર્ણબ્રહ્મની સાથે અખંડલીલા વિહાર કર્યો જેના માટે વેદોએ અગમ, અગોચર, કહ્યું છે. આવા પૂર્ણબ્રહ્મ પરમાત્માની લીલા જે નશ્વર જગતમાં થવા છતાં પણ અખંડ થઈ અને બ્રાહ્મી લીલા કહેવાય છે તેને જાણવા માટે પરાજ્ઞાન અથવા પરાવિદ્યાની જરૂરત હોય છે. બ્રહ્માત્માઓએ પોતાના પ્રાગટ્યની સાથોસાથ

આ પરાવિદ્યા તથા બ્રહ્મ વિદ્યાને પ્રગટ કરી છે. આ વિદ્યા નવતનપુરી ધામમાં પ્રગટ થઈ છે એટલા માટે નવતનપુરી ધામ ધન્ય છે.

**નવતન પુરી ભલી પેરે, ચિત્તસોં ચરચાની ।**
**સાથી જો બેહદ કે, તિનહું પેહેચાની ॥**

**(પ્રકાશ હિ. ૩૧/૨૦)**

નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે પ્રગટ થઈ સર્વપ્રથમ બેહદનો માર્ગ બતાવ્યો. શ્રીમદ્ભાગવત ગ્રન્થ સમસ્ત વૈદિક વાઙ્મયનું પરિપક્વ ફળની જેમ સાર તત્ત્વ છે. એમાં બેહદની વાત કહી છે આ ગ્રન્થ આ જગતમાં બ્રહ્માત્માઓના અવતરણની સાક્ષી આપે છે. વ્રજ અને રાસની લીલા બ્રહ્માત્માઓની જ છે. આ લીલાઓનું વર્ણન કરવાવાળો ગ્રન્થ વાસ્તવમાં બ્રહ્માત્માઓ માટે મહત્ત્વપૂર્ણ સાક્ષી ગ્રન્થ છે. એવા અનેક ગ્રન્થ છે. જેમાં બેહદની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ તારતમ જ્ઞાનનું અવતરણ થયા પછી એવા ગ્રંથોનું સમગ્ર રહસ્ય સ્પષ્ટ થઈ ગયું છે. હવે આ જ્ઞાનના દ્વારા આપણે પોતાના અંતઃકરણની શુદ્ધિ કરવાની રહેશે. ત્યારે આત્મામાં જાગૃતિ આવશે.

આ પ્રકરણમાં મહામતિએ બેહદ લીલા અર્થાત્ અખંડ લીલાનું રહસ્ય સ્પષ્ટ કર્યું છે. નશ્વર જગતમાં પણ પૂર્ણબ્રહ્મ પરમાત્માએ પોતાના આત્માઓની સાથે પરમધામ જેવી લીલાઓ કરી છે. તે લીલાઓને વ્રજ, રાસ અને જાગણી લીલા કહી છે. વ્રજ અને રાસની લીલા પછી બ્રહ્માત્માઓ પરમધામમાં જાગૃત થાય છે પરંતુ માયાનો ખેલ જોવાની તેઓની ઇચ્છા હજી પણ પૂર્ણ ન થવાથી તેમને ફરીથી કાલમાયાના બ્રહ્માંડમાં મોકલવામાં આવ્યા. તેમને કાલમાયાના બ્રહ્માંડમાં મોકલતાં જે માર્ગથી અવતરિત કર્યા તેને પ્રતિબિમ્બ વ્રજરાસ લીલા કહી છે. જો કે આ લીલા અસલી વ્રજરાસની લીલાને સમજાવવા માટે વર્ણન કરવામાં આવેલ એક કડી(શ્રૃંખલા) છે જે બ્રહ્માત્માઓના નશ્વર જગતમાં આગમનને અખંડ વ્રજ અને રાસલીલાને સાથે જોડે છે. નશ્વર જગતના આત્માઓને અખંડ લીલા રસના આસ્વાદનનો લાભ મળી શકે નહીં પરંતુ તેઓ પ્રતિબિમ્બ લીલાના રસનું આસ્વાદન કરી અખંડ લીલાનું અનુમાન કરી શકે છે. એના માટે તેમને પ્રતિબિમ્બ લીલાનું આસ્વાદન કરાવ્યું. આ સ્પષ્ટતા પણ મહામતિએ અહીંયાં કરી છે.

નરસિંહ મહેતાએ વ્રજલીલાની સાથોસાથ રાસલીલાના રસનું આસ્વાદન કરવાનો પ્રયત્ન કર્યો. તે આ પ્રતિબિંબ લીલા છે. બ્રહ્મજ્ઞાન તારતમ જ્ઞાનના અભાવમાં અખંડ લીલાનું આસ્વાદન કરવું સંભવ નથી. આ તથ્યને સ્પષ્ટ કરતાં મહામતિએ એક વધુ ઉદાહરણ આપ્યું. શુકદેવજી રાસ લીલાનું વર્ણન કરવા લાગ્યા. તે સમયે રાજા પરીક્ષિતના પ્રશ્નને કારણે તેમનું ધ્યાન તૂટી ગયું. તેઓએ રાસ લીલાનું થોડુંક આસ્વાદન અવશ્ય કર્યું પરંતુ તેઓ પરીક્ષિતને આ સ્વાદ ચખાડી શક્યા નહીં. રાજા પરીક્ષિતને કારણે તેમને પણ આ રસથી વંચિત રહેવું પડ્યું. મહામતિએ એનું સ્પષ્ટીકરણ કરતાં સમજાવ્યું કે વિભિન્ન શાસ્ત્રોમાં આ રીતે બેહદ લીલા અથવા બેહદ જ્ઞાનનું અલ્પ વર્ણન જ થયું છે. આ બધા ગ્રન્થો સાક્ષી ગ્રન્થ છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા અથવા તેમની સાથે લીલા કરવાવાળા આત્માઓ જ આ લીલાઓનું સ્પષ્ટ વિવરણ કરી શકે છે. નહિ તો અખંડ લીલાના પાત્ર વિના તેમનું જ્ઞાન બીજા કહી શકે નહીં.

નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજને પૂર્ણબ્રહ્મ પરમાત્માએ દર્શન આપીને આ લીલા દેખાડી અને એનું આસ્વાદન કરાવ્યું. સાથોસાથ સંસારના જીવોને પણ એનું જ્ઞાન કરાવવા માટે તારતમ્ય જ્ઞાનનો ઉપદેશ આપીને સ્વયં તેમના હૃદયમાં બિરાજમાન થયા. આ રીતે સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્માએ જ પોતાની લીલાઓનું પ્રતિપાદન કર્યું છે. શ્રી દેવચંદ્રજી મહારાજ પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણની સાથે મહામતિ શ્રી પ્રાણનાથજીના હૃદયમાં બિરાજમાન થયા અને મહામતિ દ્વારા આ પરાવિદ્યા બેહદવાણી અવતરિત થઈ. શાસ્ત્રોમાં પરાવિદ્યાનું વર્ણન કરતાં બ્રહ્મધામ, બ્રહ્મલીલા અને બ્રહ્મના સ્વરૂપને સમજાવવાવાળી વિદ્યાને પરાવિદ્યામાં પણ બ્રહ્મવિદ્યા કહી છે. અવિનાશી બ્રહ્મ તથા અવિનાશી ધામના વિષયમાં પણ સમજવું જરૂરી હોય છે. **સા વિદ્યા યદક્ષરમધિગમ્યતે** કહીને ઉપનિષદોએ અવિનાશી બ્રહ્મ તથા અવિનાશી ધામનું રહસ્ય સમજાવવાવાળી વિદ્યાને જ સાચા અર્થ વિદ્યા કહી છે. નશ્વર જગતનું જ્ઞાન તો વિદ્યા નથી પરંતુ અવિદ્યા છે. નશ્વર બ્રહ્માંડને બનાવવાવાળા પરમાત્માનું જે સ્વરૂપ છે તેને અક્ષર બ્રહ્મ કહે છે. તેઓ બ્રહ્માંડોને બનાવે છે અને મટાડે છે. એટલા માટે શાસ્ત્રોમાં તેમને કાર્યબ્રહ્મ કહ્યા છે. જે રીતે ક્ષર બ્રહ્મ ભગવાન નારાયણ એક હોવા છતાં પણ જુદા જુદા કાર્યોને કારણે બ્રહ્મા,

વિષ્ણુ, મહેશના રૂપે વ્યક્ત થાય છે એવી જ રીતે અક્ષર બ્રહ્મના વિષયમાં પણ સમજવું જોઈએ. તેઓ તો ક્ષર બ્રહ્મથી અતિ વિશિષ્ટ છે. તેઓ એવા અનંત ક્ષરપુરુષોને પ્રગટ કરે છે અને લીન કરે છે. તેમનો વિસ્તાર પણ બહુ મોટો છે. પરંતુ શાસ્ત્રોમાં તેનું વર્ણન નહિવત્ છે. અક્ષર બ્રહ્મના વિભિન્ન સ્વરૂપોમાંથી થોડા સ્વરૂપોનું વર્ણન જુદા જુદા રૂપે શાસ્ત્રોમાં કર્યું છે. જેમ કે પ્રણવબ્રહ્મ, ગોલોકીનાથ વગેરે. મુખ્ય રૂપે અક્ષર બ્રહ્મને ચતુષ્પાદ વિભૂતિ કહ્યું છે. એક એક પાદમાં વિભિન્ન સ્વરૂપ છે. આ બધાને સમષ્ટિ રૂપમાં અક્ષર બ્રહ્મ કહ્યા છે. અક્ષર બ્રહ્મ તથા તેમના વિભિન્ન સ્વરૂપ તથા તેમના વિશાળ ક્ષેત્રનું જ્ઞાન કરાવવાવાળી વિદ્યા પરાવિદ્યા છે. પૂર્ણબ્રહ્મ પરમાત્મા તો તેમનાથી પણ વિશિષ્ટ છે. શાસ્ત્રોએ તેમને અક્ષરથી ઉત્તમ હોવાથી ઉત્તમ પુરુષ, અક્ષરાતીત, પૂર્ણબ્રહ્મ, પરમસત્ય, એક, અદ્વિતીય વગેરે કહીને તેમનું મુખ્ય નામ શ્રી કૃષ્ણ કહ્યું છે. મૂળ તો પૂર્ણ બ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણ છે. તેઓ વિશ્વ બ્રહ્માંડના રાજાઓના પણ રાજા તથા બધાના સ્વામી હોવાથી શ્રી રાજ કહેવાય છે.

જેમ બ્રહ્મનું ક્ષર, અક્ષર અને અક્ષરાતીત સ્વરૂપનું પ્રતિપાદન થયું છે તેમ શ્રી કૃષ્ણનું પણ ક્ષર અક્ષર અને અક્ષરાતીત સ્વરૂપનું પ્રતિપાદન થયું છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણજીએ પ્રગટ થઈને શ્રી દેવચંદ્રજી મહારાજને આ રહસ્ય સમજાવ્યું અને તેઓ સ્વયં તેમના હૃદયમાં બિરાજમાન થયા. આ કાર્ય સર્વપ્રથમ નવતનપુરી ધામમાં થયું છે. એટલા માટે મહામતિએ એના માટે કહ્યું, આ પરાજ્ઞાન, પરાવિદ્યા, બ્રહ્મવિદ્યા શ્રી તારતમ જ્ઞાન છે તેનું અવતરણ નવતનપુરીમાં થયું છે. જેમકે,

**પેહેલે બીજ ઉદય હુઆ, પુરી જહાં નૌતન ।**
**સબ પુરિયોં મેં ઉત્તમ, હુઈ જો ધન ધન ॥**

**(પ્રકાશ હિ. ૩૧/૧૦૪)**

આ રીતે આ નવતનપુરી બધી પુરીઓમાં ઉત્તમ માનવામાં આવી છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ નવતનપુરીનું મહત્ત્વ વારંવાર સમજાવ્યું છે. આ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની ગંગોત્રી છે. અહીંયાં પૂર્ણબ્રહ્મ પરમાત્માનો વાસ છે. મહામતિ પુનઃ કહે છે,

**એ મધ્યે જે પુરી કહાવે, નૌતન જેહનું નામ ।**
**ઉત્તમ ચૌદે ભવનમાં, જિહાં વાલાનો વિશ્રામ ।।**

આ રીતે બ્રહ્મજ્ઞાનના અવતરણથી આ ભૂમિ ધન્ય થઈ છે. જેમકે,

**ધન ધન પુરી નૌતન, જહાં લીલા ઉદે હુઈ ।।**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૪)

મહામતિએ તારતમ જ્ઞાનનું મહત્ત્વનું સમજાવતાં કહ્યું, એના દ્વારા ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું રહસ્ય સ્પષ્ટ થાય છે. આજ સુધી આ જગતમાં આ રહસ્ય સ્પષ્ટ થયું ન હતું. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે તારતમ જ્ઞાનના દ્વારા આ રહસ્યને સ્પષ્ટ કર્યું જેના કારણે આ બ્રહ્માંડ જ ધન્ય થઈ ગયું અને બ્રહ્માત્માઓને માયાનો ખેલ જોતાં જોતાં પરમધામના બ્રહ્માંનદ રસના આસ્વાદનનો લાભ મળ્યો. જેમકે,

**ધન ધન ધની સાથસોં, ધન ધન તારતમ ।**
**પૂરન પ્રકાશ લ્યાએ કે, સુખ દિએ હમ ।।**

**તારતમ રસ બેહદ કા, સબ જાહેર કિયા ।**
**બહુત વિધેં સુખ સાથ કો, ખેલ દેખતે દિયા ।।**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૫,૧૩૬)

તારતમ જ્ઞાન બ્રહ્મજ્ઞાન છે. એટલા માટે તારતમનો રસ બ્રહ્માનંદ રસ છે. જે એમનું પાન કરશે તેમને માયાના પ્રભાવથી છુટકારો મળશે. નહિ તો માયાનું ઝેર તેની ઉપર ચઢેલું રહેશે. મહામતિએ આ તારતમ જ્ઞાનના રસનું વાણીના દ્વારા પાન કરાવ્યું અને સુંદરસાથને નિર્વિષ બનાવી દીધા. જેમકે,

**તારતમ રસ બાની કર, પિલાઈએ જાકો ।**
**જેહેર ચઢચા હોય જિમી કા, સુખ હોવે તાકો ।।**

**જો જીવ નીંદ છોડે નહીં, પિલાઈએ બાની ।**
**લ્યાએ પીઉ વતનથેં, બલ માયા જાની ।।**

**જેહેર ઉતારનો સાથ કો, લ્યાએ તારતમ ।**
**બેહદ કા રસ શ્રવનોં, પિલાવેં હમ ।।**

**એ રસ શ્રવનોં જાકે ઝરે, તાએ કહા કરે જેહેર ।**
**સુપન ના હોવે જાગતે, દેખીતાં બેર ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૭-૧૪૦)

અક્ષર અને અક્ષરાતીત અર્થાત્ બેહદ તથા તેની પારનું જ્ઞાન કરાવવાવાળું આ તારતમ જ્ઞાન બેહદવાણી છે એના રસપાનથી માયાનું ઝેર ઉતરે છે અને આત્માને સ્વયંનું જ્ઞાન તથા અનુભવ થાય છે. આ જ આત્મ જાગૃતિ છે. આત્મા જાગૃત થવાથી પરમધામ તથા પૂર્ણબ્રહ્મનું પણ જ્ઞાન તથા અનુભવ કરી શકે છે. એવી અનુભૂતિની મહત્તા બેહદવાણીમાં સમજાવવામાં આવી છે.

વિશ્વના વિભિન્ન ધર્મગ્રન્થોમાં આત્મા, પરમાત્મા તથા પરમાત્માના ધામનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ પ્રતિપાદન શૈલીના અંતરને કારણે તેમાં એકરૂપતા નથી. આવા બધા ગ્રન્થોનું તારતમ્ય સમજવું અતિ જરૂરી હોય છે. આ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે પરંતુ દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે પ્રતિપાદન શૈલીમાં વિવિધતા આવી છે. આ વિવિધતાઓને દૂર કરી એના એકત્વ ભાવનું પ્રતિપાદન જ એનું તારતમ્ય છે. એને જ તારતમ્ય જ્ઞાન કહ્યું છે. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ તથા મહામતિ શ્રી પ્રાણનાથજીએ એકત્વનું પ્રતિપાદન કર્યું છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્માએ દર્શન તથા ઉપદેશ પ્રદાન કરી સર્વપ્રથમ એકત્વનો બોધ કરાવ્યો. પૂર્ણબ્રહ્મ પરમાત્મા દ્વારા કરાવવામાં આવેલો આ બોધ નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ તથા મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા આ જગતને મળ્યો છે. એટલા માટે સામાન્ય જન સમજે છે કે તારતમ્ય જ્ઞાન તો શ્રી કૃષ્ણ પ્રણામી સમ્પ્રદાયનું જ્ઞાન છે. વાસ્તવમાં તારતમ્ય જ્ઞાન પૂર્ણબ્રહ્મ પરમાત્મા દ્વારા પ્રદત્ત જ્ઞાન છે. તેને પ્રગટ કરી પ્રચારિત કરવાનું શ્રેય શ્રી કૃષ્ણ પ્રણામી સમ્પ્રદાયને પ્રાપ્ત થયું છે. આ જ્ઞાન સમગ્ર વિશ્વને અખંડ સુખ પ્રદાન કરવા માટે પ્રગટ થયું છે.

---

**શ્રી તારતમ સાગર મૂલ તથા અર્થની સાથે online વાંચવા માટે જુઓ :**

**www.shritartamsagar.org**

# જાગણીના ચાર સોપાન

## શ્રી મોહનપ્રિયાચાર્યજી મહારાજ - શ્રી મંગલધામ, કાલિમ્પોંગ

'જાગણી' શબ્દ મહામતિ શ્રી પ્રાણનાથજીની સંપૂર્ણ વાણીમાં આત્મવત વ્યાપ્ત છે. જાગણી વાસ્તવમાં જાગ્રતિ, ઉત્થાન, વિકાસ તથા પરિપૂર્ણતા દર્શાવનાર છે. મહામતિએ પોતાના જીવનકાળમાં લગભગ ૪૮ વર્ષ સુધી (સંવત ૧૭૦૩ થી ૧૭૫૧) જાગણી યાત્રાઓ કરી તેઓશ્રીએ જન-જનને જગાવ્યા, નગર-નગર અને ગામે-ગામ પરિભ્રમણ કરી જનતાથી લઈને રાજનેતા, કર્મચારીથી લઈને અધિકારી, વ્યાપારીથી લઈને ધર્મધારી તથા અબાલ વૃદ્ધ-વનિતા બધાને ઠમઠોર્યા તેમજ ધર્મના સાચા સ્વરૂપને જાણવા અને માનવા માટે પ્રેરિત કર્યા. અજ્ઞાનના ગાઢ અંધારામાં બેસુધ પડેલા લોકોને તારતમ જ્ઞાન દ્વારા જાગ્રત કર્યા. ગુજરાતના જામનગરથી જાગણી યાત્રા પ્રારંભ કરી ઈરાક, બસરા, બગદાદ, ઓમાન મસ્કત, ઈરાનમાં અબ્બાસ તથા ભારતના વિવિધ પ્રાંતો રાજસ્થાન દિલ્હી, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર તથા મધ્ય પ્રદેશના બુંદેલખંડ પન્ના સુધી આધ્યાત્મિકતાનો શંખનાદ કર્યો. ધર્મના નામ પર અંધ વિશ્વાસ, આડંબર, પાખંડવાદ, રૂઢિવાદ, કુપ્રથા, કુરીતિ, જાતપાંત, વર્ગ-વર્ણ તથા લિંગભેદ, ભાષા તથા વેશભેદ તથા ચમત્કારમાં ડૂબેલા માનવ-સમાજને ધર્મના સત્ય સ્વરૂપ, વાસ્તવિકતા, સુસંસ્કાર તથા સદ્‌વિચારોથી સિંચન કર્યું. તેઓશ્રીની વાણીના સંગ્રહમાં શબ્દે-શબ્દે જાગ્રતિનો હુંકાર દષ્ટિગોચર થાય છે. તેઓ માનવ સમાજના ચાર ઉત્થાન ચાહતા હતા. માનવને પૂર્ણ માનવ બનવા માટે શારીરિક, માનસિક, બૌદ્ધિક તથા આત્મિક વિકાસની જરૂરત છે. શરીરનો વિકાસ શુદ્ધ આહાર અને દૈનિક પરિશ્રમથી થાય છે. સ્વસ્થ શરીરમાંજ સ્વસ્થ મન વસે છે.

જેનો શરીર રથ સુદઢ તથા ગતિમાન હોય, નિરંતર લક્ષ્ય પ્રાપ્તિની તરફ અગ્રેસર હોય, તે જ વ્યક્તિ સંસારમાં સુખી થાય છે. મહામતિ પણ ચાહે છે કે શરીરમાં રહેલી દશેય ઇંદ્રિયો સુપથ ગામી બને અર્થાત્ સારા રસ્તા પર ચાલે,

**ઈન ઈન્દ્રિયન કી મૈં કયા કહૂં, એ તો અવગુણ હી કી કાયા ।**
**ઈન સે દેખૂં કયોં સાહેબ, એહી ભઈ આડી માયા ॥**

**કિરંતન ૪૧-૪**

ભારતીય દૃષ્ટિ કહી રહી છે કે આપણી ઈન્દ્રિયો પરમાર્થની સાધક બને, બાધક નહીં, બાધક ઈન્દ્રિયો અવગુણોને જ પારખતી હોય છે અને માયામાં લિપ્ત રહે છે, જેથી બ્રહ્મ સાક્ષાત્કાર સંભવ થતો નથી. ઈન્દ્રિયોને દિશા નિર્દેશની આવશ્યકતા છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ 'પ્રકાશ ગ્રન્થ' ના 'ગુણ ફિરાયે હૈ' પ્રકરણમાં ઈન્દ્રિયોને તથા ગુણને યોગ્ય દિશા પ્રદાન કરવા માટે બળ દીધું છે. સધાયેલી ઈન્દ્રિયોથી યુક્ત શરીર જાગણીનું પ્રથમ સોપાન સિદ્ધ થાય છે.

માનવનું મન અતિ ચંચળ હોય છે. મન હંમેશા સંકલ્પ તથા વિકલ્પમાં અટવાયેલું રહે છે. સવારે ઉઠવાથી લઈને રાત્રે સૂતા સુધી મનમાં હજારો, લાખો વિચાર આવે છે અને શાંત થઈ જાય છે. ક્યારેક સત્વગુણી, રજોગુણી, તમોગુણી વિચાર આવ્યા જ કરે છે. એક પછી એક વિચાર આવ્યા જ કરે છે કેમકે મન વિચારોનો ભંડાર છે. શરીર તો થાકીને આરામ કરે છે પરંતુ મન ક્યારેય થાકતું નથી. ઊંઘમાં પણ તે સ્વપ્ન જુએ છે. મન વશમાં ન હોવાથી વ્યક્તિ મનોરોગી બની જાય છે. દવાઓ ખાઈને પરેશાન થાય છે. મનને વિચાર વગરનું રાખવું પણ મુશ્કેલ છે. યોગ શાસ્ત્રમાં વિચાર રહિત મનને જ શાંતિ કહ્યું છે,

**મન કે હારે હારિએ, મન કે જીતે જીત ।**
**મનહી દેવે સત સાહેબી, મન હી કરે ફજીત ॥**

મહામતિ શ્રી પ્રાણનાથજી મનને સબળ બનાવવા માટે વાત કરે છે. મનથી હારેલો વ્યક્તિ હંમેશા પાછળ રહેશે અને મનથી જિતાયેલો વ્યક્તિ સદા વિજયી રહેશે. મન જ પરમાત્માની સાચી સાહેબી બતાવે છે અને મન જ માનવને પરેશાન પણ કરે છે. એટલા માટે મનને નમ બનાવી પરમાત્માના નામ સાથે જોડવું પડશે. વિનમ્ર મન હંમેશા સત્કાર્યોમાં સંલગ્ન હોય છે. ચંચલ મન દુઃખદાયી તથા સ્થિર મન સુખદાયી હોય છે. મનને પરમાત્માના

સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિર કરવું માનસિક જાગણી છે.

મનોવૈજ્ઞાનિક કહે છે આપણે આપણા મસ્તિષ્કનો ૨૦ ટકા જ ઉપયોગ કરીએ છીએ, બાકી હિસ્સો નકામો પડ્યો રહે છે, તેમને સક્રિય બનાવવા માટે પોતાની બુદ્ધિનો પ્રયોગ કરવો જોઈએ. શાસ્ત્રોમાં બુદ્ધિની ચાર અવસ્થાઓ બતાવવામાં આવી છે. તુરીય, સુષુપ્તિ, સ્વપ્ન અને જાગ્રત. બુદ્ધિની તુરીયાવસ્થા ચિંતન રહિત હોય છે, સુષુપ્તિ અવસ્થા ઘોર નિદ્રાને કહી છે, સ્વપ્નની અવસ્થા કાલ્પનિક હોય છે આથી સર્વશ્રેષ્ઠ અવસ્થા છે જાગ્રત, જાગ્રત બુદ્ધિથી ભૌતિક તથા આધ્યાત્મિક બન્ને પ્રકારની ઉન્નતિ સંભવ છે. બુદ્ધિને જાગ્રત રાખવા માટે નિત્ય સદ્ગ્રન્થોનું અધ્યયન તથા મનન જરૂરી છે. મહામતિના આરાધ્ય સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ જાગ્રત બુદ્ધિના સ્વરૂપ હતા.

**એતે દિન ત્રૈલોક મેં, હુતી બુદ્ધ સુપન ।**
**સો બુદ્ધજી બુદ્ધ જાગ્રત લે, પ્રગટે પુરી નૌતન ।।**

સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે આજ સુધી સંસારમાં સ્વપ્નની બુદ્ધિ કામ કરી રહી હતી. એટલા માટે શાસ્ત્રોમાં બ્રહ્મનું પ્રતિપાદન સ્પષ્ટ રૂપથી થઈ શક્યું નહીં. બધા સાકાર અને નિરાકારના ચક્રમાં પડ્યા રહ્યા. તેઓએ તારતમ મહામંત્ર પ્રગટ કરી બ્રહ્મનું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ દર્શાવ્યું જે સાકાર અને નિરાકાર બન્નેથી પર છે. તેઓએ જીવ, જગત તથા બ્રહ્મની વ્યાખ્યા જાગ્રત બુદ્ધિના દ્વારા જ કરી. જાગ્રત બુદ્ધિ ભ્રમનું નિવારણ કરી બ્રહ્મ સાથે મિલાવે છે. જાગ્રત બુદ્ધિનો દિવ્ય પ્રકાશ સંસારમાં રહીને કરતારનું યથારૂપ પરિદર્શન કરાવે છે. બૌદ્ધિક જાગણી આત્મ-ઉત્થાનનું તૃતીય સોપાન છે.

ચોથું સોપાન છે 'સ્વ' અથવા આત્માની સ્થિતિનો બોધ થવો તથા આત્માને ધ્યાનમાર્ગના દ્વારા પરમાત્માની તરફ ઉન્મુખ કરવો. આત્મા શરીર, ઈન્દ્રિયો, મન તથા બુદ્ધિની સાક્ષી અથવા દ્રષ્ટા બનીને વિદ્યમાન છે. તે નિર્વિકલ્પ તથા સનાતન છે. આત્માનો એકમાત્ર ઉદ્દેશ છે મૂલથી મિલન. મૂળ પરમાત્મા છે, તેમના મિલનને મહામતિએ મૂલમિલાવા કહ્યું છે. મૂલમિલાવામાં બિરાજમાન મૂળસ્વરૂપ સચ્ચિદાનંદ બ્રહ્મમાં એકાકાર થવા માટે આત્માને સુરતા

રૂપ બનીને પ્રેમાભક્તિના રસમાં ડૂબી જવું પડશે,

**ફેર ફેર સુરત સાધિએ, ધની ચરિત્ર સુખ ચૈન ।**
**ઈસ્ક આએ બેર કછુ નહીં, ખુલ જાતે નિજ નૈન ।।**

**પરિક્રમા ૪-૯**

વારંવાર આ સુરતને સાધવાની જરૂરત છે. પરમાત્માના સ્વરૂપ, સુખ તથા ચૈન-આનંદમાં જ્યારે સુરત લાગી જાય છે ત્યારે જીવનમાં પ્રેમ કે ઈશ્કનો સંચાર થશે. પછી પલકનો ઝબકારો થતાં જ દિવ્ય દૃષ્ટિ ખુલ્લી જશે અને આત્માનું પરમાત્મા સાથે મિલન થશે. ગીતામાં શ્રી કૃષ્ણે 'ઉદ્ધરેદાત્મનાત્માનં' કહીને આત્મ ઉત્થાનની વાતો કરી છે. ઉપનિષદોમાં 'આત્માનં વિદ્ધિ' કહીને સ્વયંને જાણવાની શિક્ષા આપવામાં આવી છે. મહામતિએ 'પહેલે આપ પેહેચાનો' કહીને આત્માની પિછાણ કરવાની પ્રેરણા આપી. અધિકાંશ જિજ્ઞાસુ શરીરને જ 'મૈં' માની બેઠા છે જ્યારે શરીરે આત્માને ધારણ કરી રાખ્યો છે 'હું' આત્મા સ્વરૂપ છું અને પરમાત્માનો અંશ છું આ રીતે પોતે-પોતાને જાણે એ જ બ્રહ્મજ્ઞાન છે.

**જાગો જગાઊં જુગત સોં, છોડો નીંદ વિકાર ।**
**પેહેચાન કરાઊં પિઉ સોં, સુફલ કરું અવતાર ।।**

**કલશ હિ. ૨૨-૧૯**

મહામતિ શ્રી પ્રાણનાથજી યુક્તિપૂર્વક બધાને જગાડી રહ્યા છે. ઊંઘ અને વિકારનો પરિત્યાગ કર્યા પછી જ પિયુ પરમાત્માની પિછાણ થશે અને આપનું માનવ જીવન સફળ થશે. આથી શરીરને શુદ્ધ આહારથી, મનને શુદ્ધ વિચારથી, બુદ્ધિને શુદ્ધ જ્ઞાનથી તથા આત્માને વિશુદ્ધ ધ્યાનથી પરિપુષ્ટ કરવો જોઈએ, આ જ જાગણીનો સંપૂર્ણ અર્થ છે.

---

**શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાને online વાંચવા માટે :**
**www.khrishnapranami.org**

# સોઈ જનમ તુમ્હારો

**શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય-શ્રી ૫ નવતનપુરી ધામ, જામનગર**

આત્મીય સુન્દરસાથજી, સેવાપૂજાની આ ચોપાઈ છે,

**કૃષ્ણ કૃષ્ણ મુખ રટહૂં રાત દિન, શ્વાસહિ શ્વાસ પુકારો ।**
**જિસ દેહી પ્રભુ પૂરન મિલિ હે, સોઈ જન્મ તુમ્હારો ॥**

અર્થાત્ જે દેહમાં સચ્ચિદાનંદઘન, સકલ નિયન્તા સર્વઐશ્વર્ય સમ્પન્ન પરમબ્રહ્મ પરમાત્માનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થશે તેને જ મહાપુરુષોએ ખરેખરો જન્મ કહ્યો છે. આથી આપણે પ્રત્યેક પળે તે જ પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણજીનું પાવન નામ સ્મરણ કરતાં રહેવું જોઈએ.

આમ તો આપણે બધા પોતાને જન્મેલા જ સમજીએ છીએ. કોઈ આપણને પૂછે કે આપનો જન્મ ક્યારે થયો ? આપણે તરત જવાબ આપીએ કે અમુક વર્ષના, અમુક મહિનામાં, અમુક તારીખે થયો હતો. હું અત્યારે અમુક વર્ષનો થઈ ગયો. પરંતુ આધ્યાત્મિક શિખરને સ્પર્શ કરવાવાળા મહાપુરુષ આ જન્મને જન્મ નથી માનતા. વાસ્તવમાં અધ્યાત્મ વિજ્ઞાન શરીરથી અધિક આત્માને પ્રાધાન્ય આપે છે. હા, આ પણ વાસ્તવિકતા છે કે **મનુષ તન દુર્લભ હૈ સાધો, સો ક્યોં ભૂલિ ગુજારો.** આ દેવદુર્લભ મનુષ્ય દેહ અતિ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ દેહ જ સર્વસ્વ છે એ વાત નથી. આ શરીર અવશ્યમેવ ઘણું બધું છે પરંતુ શરીર જ સબકુછ કદાપિ નથી. કેમકે મનુષ્ય રૂપે જન્મ થવા છતાં પણ બધાને મનુષ્યત્વ પ્રાપ્ત થઈ જશે એ નક્કી નથી. સંસારમાં બહુ જ થોડા લોકો હોય છે જે વાસ્તવિક રૂપે મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે છે. ખરેખર મનુષ્યને જ્યારે આત્મજ્ઞાન તથા પરમાત્મારૂપી પરમ ધન પ્રાપ્ત થાય છે ત્યારે તેને શાસ્ત્ર અને સદ્ગુરુએ યથાર્થ (સાચો) જન્મ માન્યો છે. લોક વ્યવહારમાં પણ આપણે ક્યારેક ક્યારેક કોઈ પ્રત્યે કહીએ છીએ અને સાંભળીએ છીએ, અરે ! માનવ બનો, એનું તાત્પર્ય એ છે, પરંતુ જ્ઞાનાભાવ તથા વિવેકાભાવમાં તેઓ પૂરેપૂરા મનુષ્ય બની શક્તા નથી. એનો અર્થ એ થયો કે આપણા હૃદયાગારમાં જ્ઞાનની

જ્યોતિ પ્રગટ થઈ જશે, આપણે સદ્‌ગુણ તથા સદ્‌વિચારોથી પરિપૂર્ણ બની જઈશું, પરમતત્ત્વના રહસ્યાત્મક જ્ઞાનનો ઉદય જ્યારે આપણા માનસ પટલ પર થઈ જશે ત્યારે આપણો પૂર્ણ જન્મ થશે. આ વિષયમાં એક સરસ દૃષ્ટાંત છે,

એકવાર કોઈ સંત ધર્મયાત્રા કરતાં કરતાં કોઈ એક નગરમાં પહોંચી ગયા. ત્યાં તેઓએ સત્સંગનો આરંભ કરી દીધો. સમગ્ર શહેરમા વાયુવેગ વાત ફેલાઇ ગઈ કે બહુ જ મોટા અને જ્ઞાની સંત આવ્યા છે, સત્સંગના માધ્યમથી લોકોને પરમજ્ઞાન પ્રદાન કરે છે. આથી સત્સંગમાં લોકોની ભીડ થવા લાગી. એક દિવસની વાત છે સંત મહોદય સત્સંગ કરી રહ્યા હતા. એક નવયુવતી બધાથી આગળ સંતની સામે બેસી ભાવ અને પ્રેમથી સત્સંગ શ્રવણ કરી રહી હતી. સત્સંગ પૂરો થયા પછી સંતે તેમને પૂછ્યું,

**સંત : બેટી, તારું નામ શું છે ? અને ક્યાંથી આવી છો ?**

**નવયુવતી : ભગવન્ આ જ જાણવા માટે તો હું આપની પાસે આવી છું. સંત જવાબ સાંભળી પ્રસન્ન થયા.**

**સંત : સારું, એ કહે કે અત્યારે તારી ઉંમર શું છે ?**

**નવયુવતી : અત્યારે હું ૧૨ વર્ષની છું.**

**આ સાંભળી સંત વિચારમાં પડી ગયા. અરે ! આ જોવામાં તો ૨૨ વર્ષની લાગે છે અને પરણેલી પણ છે અને કહી રહી છે કે ૧૨ વર્ષની છું. ફરી પૂછ્યું,**

**સંત : તમારા પતિ દેવની ઉંમર કેટલી છે ?**

**નવયુવતી : હાલમાં સાત વર્ષના છે.**

**સંત : તમારી સાસુની ઉંમર કેટલા વર્ષની છે ?**

**નવયુવતી : હજુ ૧૦ દિવસ પહેલાં જ તેમનો જન્મ થયો છે.**

**સંત : અને તમારા સસરાજી ?**

**નવયુવતી : ભગવન્, શું કહું, આ વાતનું તો દુઃખ છે, તેઓ હજુ જન્મ પામ્યા નથી. એટલા માટે હું આપના ચરણોમાં આવી છુ. તેને પણ આપ જન્મ આપો.**

સંત અને નવયુવતીનો વાર્તાલાપ નજીક બેઠેલા શ્રોતાજનો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા. સંત તો પરમજ્ઞાની હતા એટલે વાત સમજી ગયા પરંતુ શ્રોતાજનો આ ગૂઢ રહસ્યાત્મક વાતને સમજી ન શક્યા. બધાએ સંતને પ્રાર્થના કરી ભગવન આ શું વાત છે, અમોને પણ સમજાવો. અમે બધા આ નવયુવતીની વાત સાંભળી ભ્રમિત થઈ ગયા છીએ. સંતે કહ્યું જિજ્ઞાસુઓ ! આ પરમ રહસ્યમયી વાત છે. આપ બધાને સમજવી અતિ આવશ્યક છે, જુઓ, જ્યાં સુધી આપણને પરમકૃપાળુ સંત, સદ્‌ગુરુના દ્વારા પરમાત્માનું નામ, ધામ, સ્વરૂપ તથા લીલા વગેરેનું પરમજ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી આપણે જન્મ લઈને પણ ખરેખર જન્મ્યા હોતા નથી. જે દિવસે સદ્‌ગુરુની કૃપા અને કરુણા દ્વારા આપણી અંદર તે પરમ જ્ઞાનનો ઉદય થાય છે વાસ્તવમાં તે જ આપણો જન્મદિન હશે. એટલે એનું તાત્પર્ય છે તે નવયુવતીને ૧૨ વર્ષ પૂર્વે, તેમના પતિને ૭ વર્ષ પૂર્વે તથા સાસુને ૧૦ દિવસ પહેલાં જ આ પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ હતી, આથી એ જ દિવસને એમણે જન્મદિન બતાવ્યો. પરંતુ સસરાજીને હજુ સુધી જ્ઞાનની પ્રાપ્તિ ન થઈ હોવાથી નવયુવતીએ કહ્યું કે હજુ તેઓ જન્મ્યા જ નથી. સંતની વાત સાંભળી બધા શ્રોતાઓ ઘણા જ પ્રસન્ન થયા.

આથી આપણને એ જાણવા મળે છે કે જ્ઞાનનો ઉદય થવો જ વાસ્તવમાં જન્મ થવો છે. સંસારમાં કેટલાયે એવા મહાપુરુષ થયા છે જેમણે શરીરના જન્મને કોઈ માન્યતા આપી નથી. બ્રહ્મજ્ઞાનનો ઉદય જ તે મહાપુરુષો માટે જન્મદિન હોય છે. એમાં આપણા નિજાનંદાચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને લઈ શકીએ. તેમનો જન્મ મારવાડ પ્રદેશના ઉમરકોટ ગામમાં થયો હતો પરંતુ મહામતિશ્રી પ્રાણનાથજી તેમનો જન્મ નવતનપુરી ધામમાં માને છે, મહામતિ શ્રી પ્રાણનાથજી વાણીમાં કહે છે,

**આયે શ્રી દેવચંદ્રજી નવતનપુરી, સુખ સબોં કો દેને દેહ ધરી ॥**
**સો બુદ્ધજી બુદ્ધ જાગૃત લે, પ્રકટે પુરી નવતન ॥**

નિજાનંદાચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ બાલ્ય અવસ્થામાં જ તત્ત્વના અન્વેષણ માટે ગૃહ ત્યાગ કરી નીકળી પડ્યા હતા. તેઓને ચાલીસ વર્ષની ઉંમરમાં નવતનપુરી ધામની પાવન ધરતીમાં તે બ્રહ્મતત્ત્વ, પરમતત્ત્વનું

ખરું જ્ઞાન થયું. તેઓને તારતમજ્ઞાન મળ્યું. આ રીતે જાગૃત બુદ્ધિનું અવતરણ નવતનપુરી ધામમાં થયું. એટલા માટે એમનો વાસ્તવિક જન્મ નવતનપુરી ધામમાં કહેવામાં આવ્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણનું નામ, ધામ સ્વરૂપ તથા લીલાઓને જ્યાં સુધી આપણે નહીં જાણીએ ત્યાં સુધી આપણો જન્મ વ્યર્થ માનવામાં આવશે. જ્યારે આ પરમ રહસ્યાત્મક જ્ઞાનનો ઉદય આપણા હૃદયમાં થશે ત્યારે જ આપણો જન્મ થયો સફળ માનવામાં આવશે.

મહામતિ સ્વામી શ્રી પ્રાણનાથજીએ પણ તે જ દિવસને ધન્ય તથા મહત્ત્વપૂર્ણ કહ્યો છે જે દિવસે તેઓશ્રીને ધણીજીનો સાક્ષાત્કાર થયો. જે દિવસે તેમને પરમાત્માના દર્શન થયા તથા મિલન થયું તે દિવસ તેમના માટે અત્યંત શ્રેષ્ઠતમ દિવસ હતો. મહામતિ સ્વયં કહે છે,

**ધંન ધંન સખી મેરે સોઈ રે દિન, જિન દિન પિયાજીસોં હુઓ રે મિલન।**
**ધંન ધંન સખી મેરી હુઈ પેહેચાન, ધંન ધંન પીઉ પર મૈં ભઈ કુરબાન॥**

**ધંન ધંન સખી મેરે નેત્ર અનિયાલે, ધંન ધંન નેત્ર મિલાએ રસાલે।**
**ધંન ધંન મુખ ધનીકો સુન્દર, ધંન ધંન ચિત ચુબાયો અંદર ॥**

અર્થાત્ તે દિવસ સૌથી મહત્ત્વપૂર્ણ તથા અણમોલ દિવસ છે જે દિવસે મેં મારા ધામધણીને પિછાણ્યા અને હું તેમના નિર્મલ તથા પાવનથી પણ અતિશય પાવન ચરણોમાં કુરબાન થઈ ગયો. એટલું જ નહીં મારી આંખો પણ ધન્ય છે કેમકે જેના દ્વારા મેં મારા ધણીજીના સૌંદર્ય તથા લાવણ્યના દર્શન કર્યા, જેમના નેત્ર કમલમાંથી ટપકતાં પ્રેમરસરૂપી અમૃત બિંદુને મેં મારા નેત્રોમાં ધારણ કરી લીધા તે ધણી ધન્ય છે. આ રીતે મહામતિ શ્રી પ્રાણનાથજી પરમાત્મા મિલનને જ સ્વર્સ્વ માને છે. પિયા મિલન જ જીવનનું ધ્યેય તથા લક્ષ્ય હોય છે એ આપણને વાણી દ્વારા સમજાવે છે.

આપણે કોઈ પણ મહાપુરુષના જીવનના પાના ઉથલાવીને જોઈએ તો આપણને માલૂમ પડે છે કે તેઓ બધાએ પરમાત્માને જ અંતિમ ધ્યેય માન્યું છે. ભગવાન બુદ્ધે એકવાર કહ્યું, હે મારા માલિક ! હે મારા ગૃહકારક હવે મારા માટે બીજું ગૃહ ન બનાવતા. કેમકે હવે મારે બીજો જન્મ લેવો નથી. કહે છે કે

આ શરીરરૂપી ઘરની હવે મારે કોઈ જરૂરત નથી. મેં અસલ ઘરને પ્રાપ્ત કરી લીધું છે. હમણાં સુધી હું ન જાણે કેટલાયે ઘરોને બદલતો રહ્યો પરંતુ હંમેશા અતૃપ્ત રહ્યો. કારણ, મારો પૂર્ણરૂપે જન્મ થયો જ ન હતો. આ વખતે મારો સાચો જન્મ થયો હવે મરવાનો પણ ભય નથી. તેઓએ બુદ્ધત્વ પ્રાપ્ત થયા પછી જ કહ્યું કે મારો જન્મ થઈ ગયો છે.

એટલા માટે કહ્યું છે, આ દેવ દુર્લભ માનવ દેહ આપણને પ્રાપ્ત થયો છે એના દ્વારા આપણે સર્વશક્તિ સમ્પન્ન, પરમધન પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત કરવા છે. આપણી અંદર જ્યાં સુધી બ્રહ્મજ્ઞાનનો ઉદય થશે નહીં ત્યાં સુધી આપણે જન્મ-મરણના ફંદામાં જ રહીશું. કેમકે આ સંસારમાં બ્રહ્મજ્ઞાન જેવી પરમ પવિત્ર બીજી કોઈ ચીજ નથી. શ્રુતિ કહે છે **'નહીં જ્ઞાનેન સદશં પવિત્રમિહ વિદ્યતે'** આવા પરમ પવિત્ર જ્ઞાનને આપણા સદ્ગુરુ દ્વારા પ્રાપ્ત કરી વિકાર યુક્ત હૃદયને વિચાર મુક્ત નિર્મલ અને પવિત્ર બનાવવું જોઈએ. આ જ મનુષ્ય જીવનનું પરમ કર્તવ્ય છે. બ્રહ્મજ્ઞાન તારતમ જ્ઞાન જ બધા જ પ્રકારના અંધકાર તથા સંશયોને દૂર કરી પરમ પ્રકાશ તથા મોક્ષપદ પ્રદાન કરે છે. મહામતિશ્રી પ્રાણનાથજી કહે છે,

**બ્રહ્માણ્ડ માહેં તારતમ સાર, એણે ટાલ્યો સહુનો અંધકાર ।**
**તેજ તારતમ જ્યોત પ્રકાશ, કરૂં અંધેરી સબ કો નાસ ॥**

---

# ઈશ્વર યત્ કરોતિ શોભનમ્ કરોતિ

## (પરમાત્મા જે કરે છે તે સારું જ કરે છે)

પરમાત્મા ક્યારેય ખરાબ કરતા નથી. કેવળ આપણી સમજમાં ફેર હોય છે. આપણી દષ્ટિમાં ફેર હોય છે.

આ વાતને એક વાર્તા દ્વારા આપણે સમજવાની કોશિશ કરીએ... એક રાજા શિકારનો શોખીન હતો. હંમેશા પોતાના મંત્રીને સાથે રાખી શિકાર કરવા જતો. તે રાજાનો મંત્રી પરમાત્મા ઉપર અટલ વિશ્વાસ રાખતો હતો. તે હંમેશા

પ્રસન્નચિત્ત રહેતો. કોઈ પણ પરિસ્થિતિ સામે આવે તો હંમેશા કહેતો – **ઈશ્વર યત્ કરોતિ શોભનમ્ કરોતિ**. અર્થાત્ પરમાત્મા જે કરે છે સારું જ કરે છે.

એકવાર શેરડી છોલતી વખતે રાજાની આંગળીમાં ચાકુ વાગી ગયું, તેની આંગળી કપાઈ ગઈ. મંત્રી પાસે જ બેઠો હતો. પોતાની આદત મુજબ બોલી ઊઠયો– **ઈશ્વર યત્ કરોતિ શોભનં કરોતિ.**

આ વાત રાજાને ખટકી. તેણે વિચાર્યું કે મારી આંગળી કપાઈ ગઈ અને આ કહે છે કે સારું થયું. બસ તે ક્રોધિત થઈ ગયો અને તરત સિપાઈઓને બોલાવી આદેશ કર્યો કે મંત્રીને પકડીને જેલમાં બંધ કરી દેવામાં આવે. ત્યારે પણ તેણે કહ્યું 'ઈશ્વર યત્ કરાતિ શોભનં કરોતિ' અને સૈનિકોની સાથે જેલમાં ચાલ્યો ગયો.

થોડા દિવસ બાદ રાજાની શિકાર પર જવાની ઈચ્છા થઈ. મંત્રી સાથે અણબનાવ થયો હોવાથી તે એકલો જ શિકાર પર નીકળી પડ્યો. જંગલમાં દૂર-દૂર સુધી ગયા બાદ તે રસ્તો ભૂલી ગયો અને જયાં જંગલી લોકો રહેતા હતા ત્યાં જઈ ચડ્યો. તેઓએ રાજાને પકડી લીધો અને તેમના સરદાર પાસે લઈ ગયા. સરદારે હુકમ કર્યો કે એમની બલિ ચઢાવવામાં આવે. આ સાંભળી રાજાનો શ્વાસ અધર થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે જો મંત્રી સાથે હોત તો હું રસ્તો ન ભૂલત, પરંતુ હવે શું કરી શકિશ !

જંગલી લોકોએ તેમની દેવીમાતા સામે અગ્નિ પ્રગટાવી, ઢોલ-નગરા વાગવા લાગ્યાં, બલિનો સમય આવી ગયો. ત્યારે જંગલી લોકોના પુરોહિતે રાજાનું નિરીક્ષણ કરી ઘોષણા કરી આ વ્યક્તિ ખંડિત છે, એની આંગળી કપાયેલી છે, એટલા માટે આ ખંડિત બલિ દેવી સ્વીકાર કરશે નહીં. આને છોડી મૂકવામાં આવે. રાજાને છોડી મૂકવામાં આવ્યો. રાજા જેવો છૂટ્યો તેવો ત્યાંથી ભાગ્યો અને રસ્તામાં વિચાર કરવા લાગ્યો. આંગળી કપાઈ એ સારું થયું, જો આંગળી કપાયેલી ન હોત તો આજે જીવન ખતમ થઈ ગયું હોત. એનો મતલબ મંત્રી ઠીક જ કહેતો હતો.

પસ્તાવો કરતો રાજા મહેલમાં પહોંચ્યો અને સિપાઈઓને આદેશ આપ્યો કે મંત્રીને આદર સહિત તેમની પાસે લઈ આવો. મંત્રી આવ્યો. હોઠો

પર એ જ સ્મિત. રાજાએ સંપૂર્ણ આપવીતી કહી સંભળાવી અને ક્ષમા માંગી. પછી પૂછ્યું, મારી આંગળી કપાઈ ગઈ, એ સારું થયું કે હું બલિ માંથી બચી ગયો. પરંતુ તમારી સાથે ઈશ્વરે શું સારું કર્યું કે મારી બુદ્ધિ ભ્રષ્ટ કરી મને તમને જેલમાં કેદ કરી દીધા?

મંત્રીએ કહ્યું કે મહારાજ ! જો આપ મને જેલમાં કેદ ન કર્યો હોત તો હંમેશાની જેમ હું પણ આપની સાથે શિકારમાં સામેલ થયો હોત અને તે જંગલી લોકો આપણને બન્નેને પકડી લેત અને આપતો આપની કપાયેલી આંગળીને કારણે બચી જાત અને મારી બલિ ચઢી જાત એટલા મોટે મને કેદમાં નાખી ઈશ્વરે મારા પર કૃપા કરી. હવે રાજા સમજી ગયો કે વાસ્તવમાં પરમાત્મા જે કરે છે, સારું જ કરે છે.

---

# સમાચાર-વિવિધ

- જામનગરની નવશીલ આર્ટ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય સંગીત અકાદમી નાટ્ય સ્પર્ધામાં રજૂ કરવામાં આવેલ નાટકને બે એવોર્ડ એનાયત થયા છે. ''એ મેઈક બિલિવ અને ગૌ ગૌરવ ગાથા'' રજૂ કરાયા હતા.

- જામનગરમાં ચાલુ માસમાં મોતિયાના ૬ કેમ્પનું આયોજન, સમર્પણ હોસ્પિટલ, રણછોડદાસ ચેરિટી હોસ્પિટલ થતા ખીજડા મંદિર ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે ઓપરેશન અને નેત્રમણિ બેસાડી દેવામાં આવ્યા.

- વસ્તીના પ્રમાણમાં ભારતમાં ગુનાઓનું પ્રમાણ ઓછું શ્રી નરેદ્ર મોદી. ગાંધીનગર ખાતે ૫૩ મી ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ૨૨ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને છ રાષ્ટ્રીય સુરક્ષાદળની ટીમોના ૯૦૦ સ્પર્ધકો ભાગ લેશે.

- કાલાવડ વિસ્તારમાંથી ૩ ટર્મથી ચૂંટાયેલા ધારાસભ્ય અને ગુજરાત વિધાન સભાના દંડક શ્રી આર.સી. ફળદુની ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે બિન હરીફ વરણી થતાં અંતઃકરણ પૂર્વક ખૂબ-ખૂબ અભિનંદન. તેઓ શ્રી કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના અનુયાયી છે અને પુજય આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજના શિષ્ય છે.

- ૨૦૦૯ માં બે ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય બની ઇતિહાસ સર્જનારા સંગીતકાર એ. આર. રહેમાને વધુ એક ઇતિહાસ રચતાં બે ગ્રેમી એવોર્ડ જીત્યા. એક વર્ષમાં બે ગ્રેમી એવોર્ડ જીતનારનું પ્રથમ ભારતીય બહુમાન મેળવ્યું.

- તાજેતરમાં થયેલા એક સંશોધનથી જાણવા મળ્યું કે લાલ, પીળા, નારંગી રંગના ફળો ખાવાથી કેન્સરનું જોખમ ઘટે છે.

- ઊંઘમાં નસકોરા બોલાવવા આરોગ્ય માટે લાભદાયક. નસકોરા બોલાવવા એ ખૂબ જ સ્વાસ્થ્યપ્રદ ટેવ છે અને જેટલા મોટા અવાજે નસકોરા બોલતા હોય તેટલી શરીરની વધુ કેલેરી વપરાતી રહે છે અને શરીરની ચરબી ઓગળતી રહે છે. તેમ તાજેતરમાં કરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે.

- ભારતનો સતત પાંચમો શ્રેણીવિજય અને સતત ચોથો ટેસ્ટ વિજય.

- એપલનું માત્ર ૫૦૦ ડોલરનું આઈપેડ ટેબ્લેટ કોમ્પ્યુટર. આધુનિક ફીચર્સ સ્માર્ટ ફોન અને લેપટોપ વચ્ચેની ખોટ પૂરશે.

- મંગળ પર નાસા એ મોકલેલા યાનમાં ગુજરાતી ટેકનોક્રેટ ગોવિંદભાઈ વઘાસિયાએ ટેકનોલોજી પૂરી પાડી હતી. નાસાને ટેકલોજી પૂરી પાડનાર મૂળ ભારતીયનું 'હિન્દ રત્ન' એવોર્ડથી સન્માન.

- પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરતાં રાસ્ટ્રપતિ પ્રતિભા પાટિલે દેશમાં અન્નની ઉપલબ્ધતાની ખાતરી માટે બીજી હરિત ક્રાંતિ લાવવાની હાકલ કરી.

- ભારતના સંવિધાનની રચનાના ૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે સુરેન્દ્રનગરમાં મુખ્યમંત્રીએ સન્માનયાત્રા યોજી. મોદીએ પદયાત્રા કરી હાથીની અંબાડી પર સંવિધાન બિરાજમાન.

---

# સેવા પધરામણી અને કલશ અનાવરણ

ઉપલેટા શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરનો જીર્ણોદ્ધાર કરી નિજમંદિરમાં સેવાપૂજાની પુનઃ પધરામણી અને મંદિરના નૂતન શિખર પર કલશ અનાવરણનો કાર્યક્રમમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં તા. ૨૨-૦૧-૧૦ ના રોજ હર્ષોલ્લાસ સાથે સમ્પન્ન થયો.

તા. ૨૧ મી જાન્યુઆરીના રોજ સાંજે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીનું આગમન થતાં ઉપલેટાના સુંદરસાથ અને કપુપરા પરિવારે ભાવભર્યું સ્વાગત કર્યું. સુંદર રીતે શણગારેલી બગીમાં આચાર્યશ્રી બિરાજમાન થયાં. બેંડના સુમધુર તાલે રાસ-ગરબાની રમઝટ અને કીર્તન મંડળીના હલકભર્યા કંઠે ગાવાતાં કીર્તનોથી ઉપલેટાના નગરજનો આ શોભાયાત્રા નિહાળી ધન્ય થયા. મંદિરે પહોંચતાં પૂજારીજી અમરપ્રસાદે ચંદન, અક્ષત અને પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું.

ઉપલેટાના મહિલામંડલે સ્વાગત ગીત ગાઈ સૌને આનંદિત કર્યા. પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પ્રવચન કરી સૌને લાભાન્વિત કર્યા. સભામંચમાં સૌ સુંદરસાથે ગુરુજીના દર્શનનો વ્યક્તિગત લાભ લઈ ધન્ય થયાં. પુનઃ રાત્રે ૯ થી ૧ દરમિયાન સત્સંગ પ્રવચન ભજન-કીર્તન અને રાસ ગરબાને કાર્યક્રમ સરસ રીતે સુંદરસાથે મનભરીને માણ્યો.

તા. ૨૨ મી જાન્યુઆરીના રોજ ગોટા પારાયણની પૂર્ણાહુતિ, કલશ પૂજન, સેવા પધરામણી અને કલશ અનાવરણ વિધિ આચાર્ય મહારાજશ્રીના કરકમલો દ્વારા સંપન્ન થઈ. કપુપરા પરિવારે એક વર્ષથી સેવેલું સ્વપ્ન આજે સાકાર થયું. સૌના ચહેરા પર પ્રસન્નતાનુ સ્મિત રેલાતું હતું.

મહિલા મંડળે સુંદર વધાવા ગાયા, કરતાલ લઈને નાચ્યા અને સમગ્ર પરિસર ભક્તિ રંગે રંગાઈ ગયું.

બપોરે ૧૧ થી ૧૨ દરમિયાન આચાર્યશ્રીએ માનવજીવનની સાર્થકતા અને પ્રણામી ધર્મના અનુયાયીઓ માટે સદ્ગુરુએ કરેલા પ્રદાનની વાત કરી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના વિશિષ્ટ સિદ્ધાંતોની મનનીય ચર્ચા કરી સુંદરસાથજીને ધર્મલાભ આપ્યો.

બન્ને દિવસના કાર્યક્રમોમાં સુંદરસાથજી પૂરેપૂરી હાજરી આપી શકે તે માટે બન્ને દિવસ સુંદર ભોજન પ્રસાદની વ્યવસ્થા કરી હતી. આસપાસના ગામોમાંથી પણ સુંદરસાથે વિશાળ સંખ્યામાં પધારી સત્સંગ દર્શનનો લાભ લીધો. આ સમગ્ર કાર્યક્રમ અને મંદિરના જિર્ણોદ્ધારની કામગીરી કપુપરા પરિવારે તન, મન, ધનથી ઉપાડી લીધી હતી. આ પ્રસંગે સેવા આપનાર સૌ કાર્યકર્તાઓને પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ સાધુવાદ આપ્યા.

**-કનકરાય વ્યાસ**

# સાહિત્ય સેવા

**જામનગર :** શ્રી રાજજી મહારાજની અસીમ અનુકમ્પાથી જામનગર મુકામે શ્રી મોહનભાઈ સોનગરાના નૂતન ગૃહ "ૐ" ના પ્રવેશ પ્રસંગે તા.૦૭-૦૨-૧૦ ના શુભ દિને શ્રી તારતમ સાગરના એકદિવસીય ગોટા પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું. નૂતન ગૃહ પ્રવેશ તેમજ પારાયણની પૂર્ણાહુતિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ. તે શુભ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૧૧૧/ ભેટ. હસ્તે દિનેશ.

**વલસાડ :** શ્રી નીરજ જિતેન્દ્રકુમાર ભાવસારને રાજજીની અસીમ મહેરથી લાર્સાન એન્ડ ટુબ્રો વડોદરા ખાતે એક્ઝીક્ટુટીવ એન્જિનિયર તરીકે નિમણૂક મળ્યાની ખુશાલીમાં રૂા. ૫૦૦/ ભેટ મળેલ છે. અભિનંદન.

**રાજકોટ :** શ્રી જેન્તીભાઈ વેલજીભાઈ રાદડિયાને ત્યાં લોટી ઉત્સવમાં આવેલ ભેટની રકમ ગૌશાળામાં રૂા. ૪૦૦૦/ તેમજ સાહિત્ય સેવામાં રૂા.૨૦૦/ અર્પણ કરી છે. ધન્યવાદ.

**સિંજીવાડા :** રમાબેન પૂનાભાઈ પ્રજાપતિને વ્યાપારમાં લાભ થયાની ખુશીમાં રૂા.૧૧૬૫/ ભેટ મળેલ છે.

**રાજકોટ :** ચિ. હિમાની મનસુખભાઈ રાદડિયાના જન્મદિનની ખુશાલીમાં તથા નવા મકાનના ગૃહપ્રવેશ પ્રસંગે પત્રિકાની સેવામાં રૂા.૫૫૦/ ભેટ મળેલ છે. અભિનંદન. હ. શ્રી જગદીશભાઈ રાદડિયા.

**સાકરોડિયા :** શ્રીમતી પારૂલબેન નીતિનકુમાર પટેલની સુપુત્ર ચિ. નિપાબેનના જન્મ દિવસ પ્રસંગે રૂા.૫૦૦/ ભેટ મળેલ છે.

**ગોકરણ :** શ્રી રામભાઈ દેવશીભાઈ કનારાના સુપુત્ર ચિ. વિજયના લગ્ન પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા.૨૫૧/ ભેટ મળેલ છે.

**ગોકરણ :** ધામવાસી શ્રી મેણસીભાઈ કરશનભાઈ કનારાના પરિવારજનો દર્શનાર્થે આવ્યા તથા પૌત્ર વિરાજ, પૌત્રીઓ કૃપા અને પલકને કંઠી બંધાવી તેની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ ભેટ મળેલ છે.

**હાલોલ :** ચિ. પ્રિયંકકુમાર રતનસિંહ પરમારની તબિયત સારી થયાની ખુશી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**આમોદરા :** શ્રી મનુભાઈ ધૂળાભાઈ પટેલનો સમગ્ર પરિવાર શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવી અને પાકી રસોઈ તથા સાધુ સંતોને પાનબીડી

આપી તે પ્રસંગેની ખુશાલીમાં રૂા. ૧૦૦૦/ સાહિત્ય સેવામાં ભેટ મળેલ છે. ધન્યવાદ.

**નિકોડા :** ચિ. પાયલના શુભલગ્ન પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળેલ છે. અભિનંદન.

**પરુના :** ચન્દનબેન રાજેશભાઈ પરમારને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિની ખુશાલીમાં રૂા. ૨૫૧/ ભેટ મળેલ છે.

**ચિખલી :** શ્રી ચિત્રેષ નરેન્દ્રભાઈ ભાવસર તરફથી રૂા.૨૦૧/ શુભેચ્છા ભેટ મળેલ છે.

**છત્તર :** શ્રી વિનુભાઈ ગોવિંદભાઈના માતુશ્રીના પગના દુખાવામાં સારું થયાંની ખુશાલીમાં દર્શનાર્થે શ્રી ૫ નવતનપુરી ધામમાં આવ્યા તેની ખુશાલીમાં રૂા. ૨૫૦/ ભેટ મળેલ છે.

**હિંમતનગર :** ડૉ. અમીચંદભાઈ કે. પટેલ તરફથી ચિ. રાજેશ્વર અને શ્વેતા તેમજ વિરાજ અને અપૂર્વના લગ્ન પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળેલ છે. નવદંપતિને અભિનંદન.

**ખેંગારપુર :** રમેશભાઈ પરસોતમભાઈ પટેલે શુભેચ્છા ભેટ રૂા.૧૫૧/ અર્પણ કરેલ છે.

**અમેરિકા :** માતાશ્રી વિમલાબેન ભારતીબેન પટેલ તથા રિનલબેન સાથે તેમના પરિવારજનો શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શન કરી અને પાકી રસોઈ તથા ગોટા પારાયણ કરાવેલ છે, તે ખુશાલીમાં સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ અર્પણ કરેલ છે. ધન્યવાદ.

**સુરત :** શ્રી દેવચંદભાઈ ભગવાનભાઈ સાવલિયાના સુપુત્ર ચિ. વિરલભાઈને લંડનમાં શ્રી રાજજીની મહેરથી વર્ક પરમીટ મળ્યાની ખુશાલી પ્રસંગે સા.સેવામાં રૂા.૨૫૧/ ભેટ મળેલ છે. અભિનંદન.

**જાલીયા :** શ્રી લક્ષ્મીબેન મોહનભાઈ વાઘેલાનું શ્રી રાજજીની કૃપાથી સ્વાસ્થ્ય સારું થઈ જતાં સા.સેવામાં રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**ગોધરા :** શ્રી ડી.એસ. રાઠોડ તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**હરિપર :** શ્રી વલ્લભભાઈ કુરજીભાઈ તરફથી ૧૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**સુરત :** શ્રી કાશ્મીરાબેન સુભાષચંદ્ર ગજીવાલા શ્રી ૫ નવતનપુરી ધામનાં દર્શનાર્થે આવ્યાંની ખુશીમાં રૂા. ૩૦૧/ મળેલ છે.

**ચન્દ્રાગા :** શ્રી મનસુખભાઈ ભીખાભાઈ વસોયાએ ગામ ચંદ્રાગા(કાલાવડ)માં હીરાના કારખાનાનો પ્રારંભ કર્યા પ્રસંગની ખુશાલીમાં રૂા. ૭૫૧/ ભેટ મળેલ છે. અભિનંદન.

**નડીયાદ :** શ્રી જયેશભાઈ મોહનભાઈ સભાયાના સુપુત્રનું નામ શ્રેય પાડ્યું તથા સાકર થી તોલ્યા તે પ્રસંગે રૂા. ૮૧૩/ ભેટ મળેલ છે. હ.ઉજીબહેન, ડાહીબા ભીખાલાલ વસોયા.

**સીમરડા :** શ્રી કમલાબેન ડાયાભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામનાં દર્શનાર્થે આવ્યાંની ખુશાલી પ્રસંગે રૂા. ૫૦૧/ ભેટ મળેલ છે.

**શિકાગો :** શ્રી સરોજબેન વીનુભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામનાં દર્શનાર્થે આવ્યાંની ખુશીમાં રૂા.૧૫૧/ ભેટ મળેલ છે.

**નાનીવાવડી :** શ્રી કુરજીભાઈ નારણભાઈ બુમતારીયા શ્રી ૫ નવતનપુરી ધામનાં દર્શનાર્થે આવ્યાની ખુશીમાં રૂા. ૧૫૧/ ભેટ મળેલ છે.

**રાજકોટ :** શ્રી રક્ષિતભાઈ રૈયાણી અને હીનાબેન રૈયાણી શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યાની ખુશીમાં રૂા. ૧૫૧/ ભેટ મળેલ છે.

**જામનગર :** શ્રી બીના કે. ભટ્ટ તરફથી રૂા.૧૫૧/ શુભેચ્છા ભેટ મળેલ છે.

**ખંભાળિયા :** શ્રી લક્ષ્મણભાઈ હરજીભાઈને ત્યાં શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજની તારીખ ૩-૧-૧૦ ના રોજ પધરામણી કરાવી તે પ્રસંગે ખુશીમાં રૂા.૧૭૧/ પત્રિકાની સાહિત્ય સેવામાં ભેટ. હ. કાંતિભાઈ

**હૈદ્રાબાદ :** શ્રી જયસુખલાલ એમ. ઠક્કર તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ શુભેચ્છા ભેટ મળેલ છે.

**લંડન :** શ્રી રાકેશભાઈ લાલજીભાઈ પાણખાણીયાને ત્યાં શ્રી રાજજીની અસીમ કૃપાથી પુત્રરત્ન નામ પ્રેમલનો જન્મ થયાની ખુશાલીમાં સાહિત્ય સેવામાં રૂા. ૧૧૦૧/ ભેટ. નવજાત શિશુ પર શ્રી રાજશ્યામાજીની કૃપા સદાય બની રહે એવી શુભકામના.

**નિકોડા :** કાન્તાબેન પ્રભુદાસભાઈ હીરાલાલ પટેલની સુપુત્રી પ્રતિમાબેનના જીયાણા પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૧/ ભેટ મળેલ છે.

**કેશોદ** : આચાર્ય શ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજની અસીમ કૃપાથી શ્રી નિજાનંદ ટ્રેડીંગ કાું. કેશોદ ૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા.૨૫૧/ ભેટ મળેલ છે. ધન્યવાદ

**જૂનાગઢ :** આચાર્યશ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજની અસીમ કૃપાથી દીપ પ્લાસ્ટીક જૂનાગઢ તરફથી મંદિરમાં પાકી રસોઈ આપ્યાની તેમજ સપરિવારે શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શન કર્યા તેની ખુશાલીમાં પત્રિકાની સેવામા રૂા. ૨૫૧/ ભેટ મળેલ છે.

**મોયદ :** શ્રીમતી લલિતાબેન પ્રફુલ્લકુમાર પટેલનો ભાણો નામે કૃશને શ્રી ૫

નવતનપુરી ધામમાં શ્રી રાજશ્યામાજીનાં દર્શન તથા ગુરુજીના આશીર્વાદ મેળવા આવ્યાની ખુશાલીમાં સાહિત્ય સેવા માં રૂા. ૫૦૦ / ભેટ મળેલ છે. ધન્યવાદ

**અમેરિકા :** શ્રી અવની જગદીશભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શન કરવા આવ્યાની ખુશાલીમાં રૂા.૫૧૦૦ ભેટ મળેલ છે. આપના સમગ્ર પરિવારજનો પર સદાય શ્રી રાજશ્યામાજીની મહેર રહે એવા શુભાશિષ.

**નિકોડા :** શ્રી ઈશ્વરભાઈ કેશવલાલ પટેલ તથા શ્રીમતી લીલાવતી પટેલે (યુએસએ), સૌરાષ્ટ્રની યાત્રા સંપન્ન કરી શ્રી ૫ નવતનપુરીધામ- જામનગર દર્શનાર્થે તથા ગુરુજી શ્રી કૃષ્ણમણિજી મહારાજના આશીર્વાદ માટે આવ્યાની ખુશાલીમાં રૂા.૫૦૦/ ભેટ મળેલ છે. ધન્યવાદ

**નિકોડા :** સુશ્રી લક્ષ્મીબેન વિજયભાઈ પટેલે સૌરાષ્ટ્રની યાત્રા સંપન્ન કરી શ્રી ૫ નવતનપુરીધામ જામનગર દર્શનાર્થે તથા ગુરુજી શ્રી કૃષ્ણમણિજી મહારાજના આશીર્વાદ માટે આવ્યાની ખુશાલીમાં રૂા. ૫૦૦/ ભેટ મળેલ છે. ધન્યવાદ

**મોરબી :** શ્રી લખધીરભાઈ શિવજીભાઈ પટેલ શ્રી ૫ નવતનપુરીધામ જામનગર દર્શનાર્થે આવ્યા તે પ્રસંગે રૂા.૧૫૧/ ભેટ મળેલ છે.

**અમદાવાદ :** શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં તા. ૧૦ જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ ધામવાસી મધુકાંતાબેનની પાવન સ્મૃતિમાં શ્રી તારતમ સાગર એક દિવસનું પારાયણ તથા સત્સંગનું સુંદર આયોજન સંપન્ન થયું. શ્રી નવીન દલાલ પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સુશ્રી પરીમ સખી તથા રાજેન્દ્ર શાસ્ત્રીએ પોતાની મધુરવાણી દ્વારા ધર્મલાભ કરાવ્યો. આ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૫૦૦/ મળ્યા છે. ધન્યવાદ

## રૂા.૧૦૧/-

**વલસાડ :** શ્રી રમેશચંદ્ર મગનલાલ ભાવસાર રાજજીની અસીમ મહેરથી તાઃ ૨૮-૧૨-૨૦૦૯ ના રોજ ૭૨ વર્ષ પૂર્ણ કરી ૭૩ માં વર્ષમાં પ્રવેશ કર્યાની ખુશાલીમાં ભેટ મળેલ છે.

**મુંબઈ :** નવીનચંદ્ર હરિલાલ શાહના સુપુત્ર શ્રી હિતેશ શાહને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે ભેટ.

**માલ :** શ્રી દેવસી રામભાઈ બાપોદરા તરફથી શુભેચ્છા ભેટ.

**અમદાવાદ:** કાળુભાઈ મનુભાઈ સાવલીયાની પુત્રી ચિ. કાજલની સગાઈ ચિ. દિનેશ અટાળાની સાથે થઈ તેની ખુશાલીમાં સાહિત્ય સેવામાં ભેટ. અભિનંદન.

**ગોંડલ :** શ્રી મગનભાઈ એમ.

ડોબરીયાએ સ્વરૂપ સાહેબ પારાયણની ત્રીજી વખત પૂર્ણાહુતિ કરી તેની ખુશાલીમાં ભેટ.

**વારાધરી :** હસમુખભાઈના ધર્મપત્ની ભાવનાબેનનું આંખના મોતીયાનું ઓપરેશન કરેલ, શ્રી રાજજીની કૃપાથી સરસ થયેલ તેની ખુશાલીમાં ભેટ.

**વલસાડ :** શ્રી પુષ્પાબેન રમેશચંદ્ર ભાવસારના પૌત્ર ચિ.કરણ તાઃ ૧-૧૦-૨૦૧૦ ના રોજ ૧૯ વર્ષ પૂર્ણ કરીને ૨૦ માં વર્ષમાં પ્રવેશ કર્યાની ખુશીમાં ભેટ.

**હર્ષદપુર :** શ્રી દર્શકકુમાર રસિકભાઈ ચોવટીયા તરફથી ખુશાલી ભેટ.

**હર્ષદપુર :** શ્રી વૈભવકુમાર વિપુલભાઈ ચોવટીયા તરફથી ખુશાલી ભેટ.

**ધ્રાફા :** વિઠ્ઠલભાઈ ગોપાલભાઈ દવે તરફથી ખુશાલી ભેટ.

**અમેરિકા :** શ્રી કશીસ ભાવસાર તરફથી ખુશાલી ભેટ.

**અમેરિકા :** ખુશી ભાવસાર તરફથી ખુશાલી ભેટ.

**પંચમહાલ :** શ્રી દોલતસિંહ એસ. રાઠોડની તરફથી ખુશાલી ભેટ.

**માંડાસણ :** શ્રી જીણાભાઈ રવજીભાઈ ભંડેરીની સુપુત્રી ચિ. નિપાના શુભ લગ્ન પ્રસંગની ખુશાલીમાં ભેટ.

**અમેરિકા :** શ્રી નંદાબેન દિનેશકુમાર પટેલ શ્રી ૫ નવતનપુરીધામ- જામનગર આવ્યા અને રસોઈ આપી તેની ખુશાલીમાં ભેટ

**લંડન :** શ્રી રાજશ્રીબેન ધર્મેશકુમાર વ્યાસ ૫ નવતનપુરી ધામ જામનગર સપરિવાર દર્શનાર્થે આવીને પાકી રસોઈ આપી તેની ખુશાલીમાં ભેટ.

**અલીયાબાડા :** શ્રી વલ્લભભાઈ ખોડાભાઈ સાવલિયાના જન્મ દિવસની ખુશાલીમાં રૂા.૧૦૧/ ભેટ. શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શન કરી અને ધન્ય થયા તે પ્રસંગે ભેટ.

**રાણાકંડોરણા :** શ્રી માલદેભાઈ હરદાસભાઈ વસરાના પુત્ર વિજયભાઈ માલદેભાઈ વસરાનને ત્યાં તા. ૧૯/૧૨/૨૦૦૯ ના રોજ શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલીમાં સાહિત્ય સેવામાં ભેટ.

**જામનગર :** શ્રીમતી સોનલબેન જસ્મીનભાઈને ત્યાં પુત્રરત્ન પ્રાપ્તિ થયાની ખુશાલીમાં ગૌશાલામાં રૂા. ૧૦૦૦/ભેટ તથા સાહિત્ય સેવામાં ભેટ.

**ખીલાવડ :** બાલધા મધુભાઈ નાનજીભાઈ, અશોકભાઈ મધુભાઈ બાલધાને ત્યાં શ્રી રાજજીની અસીમ કૃપાથી તા. ૨૮/૧૧/૨૦૦૯ ના રોજ પુત્રરત્નની પ્રાપ્તિ થયાની ખુશાલીમાં સાહિત્ય સેવામાં ભેટ.

**દ્વારકા :** શ્રી શ્યામ મનોજભાઈનો તા. ૧-૨-૨૦૦૬ ના રોજ જન્મ થયો તેની ખુશાલીમાં ભેટ.

**હાલોલ :** ગોરધનભાઈ ચંદુભાઈ પંચાલના પુત્ર ચિ. ગિરીશના લગ્ન તા. ૨-૧૨-૦૯ ના રોજ શાંતિથી સંપન્ન થયા તેની ખુશાલીમાં ભેટ.

**હિંમતનગર :** શ્રી હસમુખભાઈ ડી. શ્રીમાલી તરફથી ખુશાલી ભેટ.

**સુરત :** શ્રી જયન્તીલાલ ભાવસાર તરફથી શુભેચ્છા ભેટ.

**નાનાથાવરિયા :** શ્રી ગિરધરભાઈ ભાવેનભાઈ કાલસરિયા તરફથી શુભેચ્છા ભેટ.

**દેવરીયા :** છગનભાઈ નાથાભાઈ રોલાએ નવી ગાડી સ્પેન્ડર લીધાની ખુશાલીમાં ભેટ.

**આણંદ :** જિતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલના સુપુત્ર ચિ. રાજ, ચિ. રૂચીના લગ્ન પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ.

**રાજકોટ :** શ્રી નારાયણભાઈ કે. વેકરીયાના ચિ. મહેન્દ્રકુમારની જામખંભાલિયા ગામે વિવાહ વિધિ ચિ. કિંજલબેનના સાથે થયાની ખુશાલીમાં સાહિત્ય સેવામાં ભેટ.

**રાજકોટ :** મિલનભાઈ પ્રવીણભાઈ કમાણી શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યાની ખુશીમાં ભેટ.

**ચેલાબેડી :** શ્રી માવજીભાઈ ગોરધનભાઈ કારસરીયાએ નવું મોટરસાઈકલ ખરીદકર્યાની ખુશીમાં ભેટ.

**ઈડર :** શ્રી દિશેનભાઈ રવાભાઈ પંડયા તરફથી શુભેચ્છા ભેટ.

**દરેડ :** શ્રી નિજાનંદ માર્બલ તરફથી ખુશાલી ભેટ.

**છત્તર :** શ્રી વલ્લભભાઈ માંડાભાઈ પાનસુરીયાની દીકરીને ઘરે દીકરીના જન્મની ખુશાલીમાં સાહિત્ય સેવામાં ભેટ.

**કોડીનાર :** ધા.વા. ગોવિંદભાઈ અમરસીભાઈ કોટેચા ધા.વા. પ્રેમીબેન ગોવિંદ ભાઈ કોટેચાના સ્મરણમાં શ્રી હિંમતલાલ ગોવિંદભાઈ કોટેચા તરફથી ભેટ.

**આમોદરા :** શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપાથી શ્રી જિજ્ઞેશકુમાર પોપટલાલ પટેલને ત્યાં તા.૦૧/૦૧/૨૦૧૦ ના રોજ પુત્રીનો જન્મ થયાની ખુશાલીમાં સાહિત્ય સેવા માં ભેટ.

**વીભાપર :** શ્રી શ્યામલભાઈ નરેન્દ્રભાઈ કપુરીયાના તા. ૦૮/૧૨/૨૦૦૯ ના રોજ શુભ લગ્ન સમ્પન્ન થયા તેની ખુશાલીમાં સાહિત્ય સેવામાં ભેટ.

**અમદાવાદ :** સુશ્રી તરૂણાબેન મનીષકુમાર પટેલને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થયાની ખુશાલીમાં શ્રી રાજજી મહારાજને વાઘા ધરાવ્યા તથા સાકરથી તોળાવ્યાની ખુશાલીમાં ભેટ.

**જામનગર :** ચિ. શ્યામ રમેશભાઈ કમાણીની ચતુર્થ વર્ષગાંઠ પ્રસંગે ભેટ. અભિનંદન.

**રાણાકંડોરણા :** શ્રી માલદેવભાઈ હરદાસભાઈ વસરા, શ્રી માલદેભાઈ ગોવિંદભાઈ તથા હરિશભાઈ રાણાકંડોરણા ગામથી પદયાત્રા કરીને શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવ્યાની ખુશાલીમાં સાહિત્ય સેવામાં બધા તરફથી સપ્રેમ ભેટ.

## રૂા. ૫૧/

૦૧.શ્રી મંજુલાબેન જી. હરસોડા-રાજકોટ. ૦૨.શ્રી કાન્તાબેન એમ. પાઘડાર-રાજકોટ. ૦૩.શ્રી નગાર્જણ રામભાઈ બાપોદ્રા-પોરબંદર. ૦૪.શ્રી લખમણભાઈ નરસીભાઈ ગોરસિયા-રાજકોટ. ૦૫.શ્રી પુરુષોત્તમભાઈ એલ. રાદડિયા-રાજકોટ. ૦૬.શ્રી જીણાભાઈ જે. રાદડિયા-રાજકોટ. ૦૭.શ્રી ધીરૂભાઈ બી. રાદડિયા-રાજકોટ. ૦૮.શ્રી કાન્તુભાઈ મોહનભાઈ ગોંડલીયા-મેવાસા. ૦૯.ચિ. કાજલબેન-અમૃતપુર. ૧૦.શ્રી ગોવિંદભાઈ વીરજીભાઈ- ૧૧.રંભાબેહેન શ્યામજીભાઈ-કાલાવડ. ૧૨.શ્રી વલ્લભભાઈ ચનાભાઈ કમાણી-કાલાવડ. ૧૩.શ્રી પૂનમભાઈ મંગલભાઈ પ્રજાપતિ-સિંજીવાડા. ૧૪.શ્રી જયપ્રકાશ સવજીભાઈ લીંબાણી-જામનગર. ૧૫.શ્રી શૈલેષભાઈ મહેન્દ્રભાઈ પટેલ- ૧૬.ધા.વા. કલ્પેશભાઈ-ખેડા. ૧૭.શ્રી રોલા બચુભાઈ મૂલજીભાઈ-દેવરીયા(જામનગર). ૧૮.લીંબાણી હીરેન જયપ્રકાશભાઈ-જામનગર. ૧૯.શ્રી આશાબેન યશવંતભાઈ માલવિયા-અમદાવાદ. ૨૦.શ્રી વસંતભાઈ કાલસરીયા-છત્તર. ૨૧.શ્રી નાથાભાઈ હમીરભાઈ નંદાણીયા-ઈદ્રાણા. ૨૨.શ્રી ધીરજલાલ મોતીચંદ-રાજકોટ. ૨૩.શ્રી અરવિંદભાઈ રાજુભાઈ-અમદાવાદ.૨૪.શ્રી બુધાભાઈ સોમાભાઈ નટુભાઈ ચૌહાણ-નડીયાદ.

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

---

# ધામગમન

**અમૃતપુર :** ધા.વા. શ્રી બાબુભાઈ મોહનભાઈ ગોંડલીયાના આત્માકલ્યાણાર્થે પંચદિવસીય પારાયણ કરી તે નિમિત્તે રૂા. ૧૫૧/ ભેટ મળેલ છે.

**ભોજાબેડી :** શ્રી ચેતનભાઈ રાઘવજીભાઈનું ૧૫/૧૨/૨૦૦૯ ના રોજ ધામગમન થયું છે. તેમના સ્મરણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળેલ છે.

**સજીયાવદર :** શ્રી હીરજીભાઈ રૂડાભાઈ સાવલીયા તથા વિઠ્ઠલભાઈ સાવલીયાના કાકીબા શાન્તાબહેન બચુભાઈ સાવલીયાનું તા : ૨૫-૧૨-૨૦૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તે નિમિત્તે પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા.૧૫૦/ મળેલ છે.

**મેઘરજ :** શ્રી છગનભાઈ કલ્યાણભાઈ વણકરનું ધામગમન થયુ, તેમના સ્મરણાર્થે સાહિત્ય સેવામાં રૂા.૧૦૦/ ભેટ મળેલ છે.

**મુંબઈ :** મૂળ ખંભાતના હાલ મુંબઈ નિવાસી હંસાબેન(અરુણાબેન) ગોપાલભાઈ શાહનું તા. ૧૦/૦૧/૨૦૧૦ ના રોજ ધામગમન થયું છે. તેમના સ્મરણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ ભેટ મળેલ છે.

**મોડાસા :** મણિલાલ મોહનલાલ કોઠારીનું તા. ૨૬/૧૨/૨૦૦૯ ના રોજ ધામગમન થયેલ, શ્રી રાજજી તેમના આત્માને પોતાના નિજ ચરણોમાં સ્થાન આપે એ ભાવના સાથે સાહિત્ય સેવામાં ૫૦૦/ ભેટ મળી છે.

**જામવાડી :** ધા.વા. જાદવભાઈ કુરજીભાઈનું તા. ૨૨-૧૦-૦૯ ના રોજ ધામગમન થયેલ, તેઓના પુત્ર શ્રી મહેન્દ્રભાઈ સપરિવાર સાથે સદ્‌ગતના આત્મકલ્યાણાર્થે શ્રી ૫ નવતનપુરી ધામના દર્શને આવ્યા તે પ્રસંગે રૂા. ૨૦૧/ સાહિત્ય સેવામાં ભેટ.

**પુરાલ :** શ્રી કિરણભાઈ રસિકલાલ પટેલનું તા. ૩૧/૧૨/૦૯ ના રોજ ધામગમન થતા તેમના સ્મરણ અર્થે સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ ભેટ મળેલ છે.

**વિભાપર :** જડીબેન બચુભાઈ ડોબરીયાનું તા. ૧/૧/૨૦૧૦ ના રોજ ધામગમન થયું છે તેના સ્મરણમાં સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧ / ભેટ મળેલ છે.

**મોરબી :** નર્મદાબેન ચીમનભાઈ પટેલ, યમુના ટાઈલ્સ મોરબીવાળા નું. તા. ૧-૧-૨૦૧૦ ના રોજ ધામગમન થયેલ છે. તેમના સ્મારણાર્થે પત્રિકામાં રૂા. ૨૫૧/ મળેલ છે.

**રાણકૂવા :** શ્રી કમલકુમાર કિશોરભાઈ ચન્દુભાઈ ભાવસારનું તા. ૨૯/૧૨/૨૦૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમની પાછળ શ્રી ૫ નવતનપુરી ધામમાં તા. ૧૦/૦૧/ ૨૦૧૦ ના રોજ ગોટા પારાયણ કરેલ છે તે પ્રસંગે સાહિત્ય સેવામાં ભેટ.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# જાન્યુઆરી મહિનાની પાકી રસોઈની સેવા

| | | |
|---|---|---|
| ૦૧) | શ્રી પરેશભાઈ કોરાટ | રાજકોટ |
| ૦૨) | શ્રી મનુભાઈ ધૂળાભાઈ પટેલ | આમોદરા |
| ૦૩) | ધા.વા. ખોડાભાઈ ભવાનભાઈ સાવલીયા | અલીયાબાડા |
| ૦૪) | ધા.વા. લક્ષ્મીબેન પોપટભાઈ પટોડીયા | જામનગર |
| ૦૫) | શ્રીમતી રાજશ્રી બેન ધર્મેશભાઈ વ્યાસ | હિંમતનગર(હાલ,લંડન) |
| | તથા શ્રીમતી નંદાબેન દિનેશભાઈ પટેલ | પુરાલ (હાલ. અમેરિકા) |
| ૦૬) | શ્રી રવિકુમાર બચુભાઈ કપુપરા | રાજકોટ |
| ૦૭) | શ્રીમતી ભારતીબેન મુકેશભાઈ પટેલ | નડીયાદ |
| ૦૮) | ધા.વા. વસરામભાઈ પૂંજાભાઈ પાદરીયા | |
| | તથા ધા.વા. મણિબેન વસરામભાઈ પાદરીયા | રાજકોટ |
| ૦૯) | શ્રી કમલેશભાઈ રણછોડભાઈ ચોવટીયા | તરસીંગડા(હાલ.વડોદરા) |
| ૧૦) | શ્રી શૈલેષકુમાર રણછોડભાઈ ચોવટીયા(મુંગરા) | જૂનાગઢ |
| ૧૧) | શ્રી મનસુખભાઈ છગનભાઈ સાવલિયા | જામનગર |
| ૧૨) | શ્રી ઉદયકુમાર રણછોડભાઈ ચોવટીયા(મુંગરા) | તરસીંગડા(હાલ. અમેરિકા) |
| ૧૩) | શ્રી મનોજભાઈ પ્રેમજીભાઈ કથીરીયા | જામનગર |
| ૧૪) | ધા.વા. ઉગરીબેન કરશનભાઈ પટેલ | સાકરોડીયા |
| ૧૫) | શ્રીમતી જયાબેન પરસોતમભાઈ માલવિયા | ધાવા(ગીર) |
| ૧૬) | શ્રી રોશન ભંડારી | દાર્જિલિંગ |
| ૧૭) | શ્રી શાન્તિભાઈ અરજણભાઈ પટેલ (પીપળીયા) | જામનગર |
| ૧૮) | શ્રી અમીચંદભાઈ રામાભાઈ પટેલ | પુરાલ |
| ૧૯) | શ્રી દીપ પ્લાસ્ટીક | જૂનાગઢ |
| ૨૦) | શ્રી નીતિનચંદ્ર મૂલચંદભાઈ જોબનપુત્રા | મુંબઈ |
| ૨૧) | શ્રી મોહનલાલ કુંવરજી શાહ | સિનોગ્રા |
| ૨૨) | શ્રી રામજીભાઈ ટપુભાઈ પણસારા(હરિપરવાળા) | જામનગર |
| ૨૩) | શ્રી સહારા કન્સ્ટ્રક્શન કું. | રાજકોટ |
| ૨૪) | શ્રી ચિંતનકુમાર ઈશ્વરભાઈ પટેલ | નિકોડા |
| ૨૫) | ધા.વા. પૂજારીશ્રી ખીકાપ્રસાદજી | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૨૬) | શ્રી મણિલાલ બબાભાઈ પટેલ | સાહેબાપુર(હાલ. અમેરિકા) |



श्री ५ नवतनपुरी धाम द्वारा हरिपुर गाँवमें आयोजित नेत्र निदान यज्ञके दृश्य



श्री कृष्ण प्रणामी मन्दिर, उपलेटा ( राजकोट ) में आयोजित
पूजा पधरावनी, कलश अनावरण एवं सत्संगके दृश्य



श्री ५ नवतनपुरी धाममें आयोजित पत्रकार संमेलनके दृश्य

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011





हैदराबादमें आयोजित 'चतुर्थ हिन्दू धर्माचार्य सभा'
को सम्बोधन करते हुए परम पू.आचार्य महाराजश्री










स्वतन्त्रता दिवस पर श्री प्रणामी हाईस्कूलमें आयोजित विविधकार्यक्रमोंकी झलक





गौशालामें गायोंको चारा देते हुए परम पू.आचार्य महाराजश्री

**PRINTED BOOK**

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA
SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)